[illegible]

# [illegible] ਨਾਟਕ

Chapter-1

## પ્રકરણ ૧

## પશ્ચાદ્ ભૂમિકા

### સત્તાવન પહેલાં અને પછી :-

ઇ.સ. ૧૮૫૧ થી ૧૮૬૦ નો દશકો ભારતના ઇતિહાસમાં અવનવાં પરિબળોને જન્માવનાર કે જાગૃત કરનાર હતો. તેમાં ય ૧૮૫૭ ની સાલ તો ૧૯મી સદીના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની વચ્ચે સીમાચિહ્ન રૂપે હતી. એ અવિસ્મરણીય વર્ષમાં ભારતીય નાગરિકોએ -- ખાસ કરીને સૈનિકોએ - ખેડેલા અપૂર્વ સાહસને, વિદેશી શાસનકર્તાઓએ ભલે 'બળવા'નું બિરુદ આપી વખોડી નાખ્યું પરંતુ એ ક્રાન્તિકારી પ્રસંગમાં સ્વદેશપ્રેમી હિંદીઓએ આરંભેલા સ્વાતંત્ર્ય-સંગ્રામનું દર્શન થાય છે - માત્ર હિંદી નેતાઓને જ નહીં, પરંતુ કેટલાય તટસ્થ વિદેશી વિદ્વાનો અને અમલદારોને પણ.

ભારતવર્ષનાં આર્યધર્મ અને સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે ઇસ્વીસન પૂર્વેથી દૂરદૂરના પ્રદેશોમાંથી પરદેશીઓ ભારતમાં આવતા રહયા છે. તેમાંના કેટલાક લોકોએ તો ભારત પર આક્રમણ કર્યાં છે; ભારતમાં રહીને ભારતની રાજ્યધુરા પણ પોતાના હાથમાં લીધી છે; એટલું જ નહીં પણ તેનો શાસનદોર ટકાવી રાખવાને માટે ભારતના અસલ પ્રજાજનો પર હિંસક હુમલા અને સાંસ્કૃતિક આક્રમણો પણ કર્યાં છે. તેમાંના મોટાભાગના વિદેશીઓએ ભારતને પોતાનું વતન બનાવ્યું અને પોતે "આર્ય" તરીકે પોતાને ઓળખાવવામાં ગૌરવ અનુભવવા લાગ્યા. ગ્રીક, પાર્થિયન, કુશાન, શક, હૂણ...... સૌથી છેલ્લા આવ્યા બાબર અને તેના વંશજો. તેમણે પણ લગભગ અઢી સૈકા સુધી મોગલ સામ્રાજ્યનો ભારતમાં વિસ્તાર કર્યો. તેમાં અકબર જેવા માનવતાપરાયણ, ધર્મસહિષ્ણુતાના હિમાયતી અને "દીનેઇલાહી"

ધ્વારા "બિરાદરી"ની સ્થાપનાની દિશામાં નાનકડો પણ પ્રથમ પ્રયાસ કરનાર બાદશાહ હતાં; તો બીજી બાજુ, અનેકવિધ ગુણોથી વિભૂષિત વ્યકિતત્વ ધરાવતા છતાં ધર્માંધતાને વશ વર્તી હિન્દુ પ્રજા પર કારમી ક્રૂરતાનો કોરડો વીંઝનાર ઔરંગઝેબ જેવા રાજાઓ પણ હતા. ૧૮મી સદીના પૂર્વાર્ધકાળમાં જ મોગલસત્તાનો સૂર્યાસ્ત થવા આવ્યો. પ્રજા છિન્નભિન્ન થતી ગઈ. લગભગ ૧૧મા સૈકા પછી સતત ગુલામીનો અનુભવ કરી રહેલી ભારતીય પ્રજાનું દુભાયેલું ચિત્ત પણ શાંતિનો શ્વાસ લેવાની તકને ઝંખી રહયું હતું. ચારેબાજુ અશાંતિ, અસ્વસ્થતા, અન્યાય, અત્યાચાર અને ભયના વાતાવરણ વચ્ચે પ્રજા જીવી રહી હતી.

ત્યાં તો વિદેશમાંથી - દરિયાપારથી - વેપારીઓ આવ્યા. પ્રથમ ફિરંગીઓ, પછી વલંદા, ફ્રેન્ચો અને અંગ્રેજોએ જાણે ભારતને પોતાની કર્મભૂમિ બનાવી. વાણિજ્ય ક્ષેત્રે વિજય મેળવતાં મેળવતાં વિદેશી વેપારીઓના મનમાં, ભારતના પ્રજાજનોની નિર્બળતા અને નમ્રતાનો તથા સ્થાનિક રિયાસતોની મર્યાદાઓનો લાભ લેવાની અનાયાસ વૃત્તિ જાગી. પ્રથમ વેપારના ક્ષેત્રમાં અને પછી રાજકીય ક્ષેત્રમાં વિદેશી વેપારીઓ વચ્ચે સ્પર્ધાઓ શરૂ થઈ. સ્પર્ધામાંથી સંઘર્ષો વધ્યા અને તેમની યુરોપીય સત્તાની સહાય અને સૂચનાનુસાર ભારતની ભૂમિ પર સંગ્રામો પણ ખેલાયા. પરિણામે ભારતને નસીબે પાછો બ્રિટિશ શાસનની ધૂંસરી સ્વીકારવાનો પ્રસંગ આવ્યો.

ગુલામી તો કોઈને ન ગમે, છતાં શરૂઆતમાં લોકોને, બ્રિટિશ શાસનની શાંતિ અને સલામતીની અપૂર્વ ભેટ મળવાથી, પ્રજાહૃદયમાં શાસકવર્ગ માટે આદરભાવ પેદા થયો. વિશેષમાં, અંગ્રેજોએ તેમની પ્રજાગત વૃત્તિ-નીતિ અનુસાર, જનતાના જાનમાલની

સંરક્ષા અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર ખૂબ ભાર મૂકવાથી લોકો પોતાના ઉજ્જવલ ભવિષ્યની આશાના મિનારા ચણવા માંડયા. તેમાં ય બ્રિટિશરોની સ્વાભાવિક કાયદાપાલનની ભાવનાએ તેમને મોહિત કર્યા, એમ કહીએ તો ખોટું નથી.

"રાજપુત યુગમાં, મુસ્લિમ સલતનત અને મુગલ સામ્રાજ્યના ઉજ્જવળ દિવસોમાં દેશમાં વ્યવસ્થા અને શાન્તિ, વૈભવ અને જહોજલાલીનો અભાવ નહોતો ; ન્યાય પણ નહોતો એમ નહિ ; પણ તે ન્યાયનો આધાર રાજા કે ન્યાયાધીશના મિજાજ કે ખુશી પર અવલંબી રહેતો ; અને રાજવહિવટમાં પ્રજાનું છુટાપણું (Liberty) કે કાયદેસર રક્ષણ કે વ્યક્તિગત હક્કના પાલન (Law) જેવું જવલ્લે જ જોવામાં આવતું હતું ; પુરાણી સ્મૃતિઓમાંથી શાસ્ત્રવચનો કે કુરાનમાંથી કલમાં વાંચીને કાજી કે શાસ્ત્રી અરજદારના ન્યાય ચૂકવતાં ; તેમાં એકસરખું કે મુકરર ન્યાયનું ધોરણ રહેતું નહિ ; તો પછી બુધ્ધિગમ્ય ન્યાય કે નીતિનાં ધોરણો વિષે પૂછવાનું જ શું હોય ? પણ પરાપૂર્વથી ઉતરી આવતી રૂઢિ કે પ્રથાને બહુધા પ્રાધાન્ય મળતું હતું. રાજા ઇચ્છે તે કાયદો ; રાજાનું શાસન તેથી તે કાનુન ફરજિયાત ; નહિ કે તે શાસન ન્યાયયુક્ત છે એ કારણે ; અને શાસ્ત્રોનાં વચનો પરસ્પર વિરોધી માલુમ પડે તો પણ જેમને જેમ સવડભર્યું થઇ પડે તે પ્રમાણે તેનો નિર્ણય કરવામાં આવતો ; એ પરથી જોઇ શકાશે કે રાજ્યમાં સ્થાપિત કાયદા જેવું બહુ થોડું હતું, અને જે કાંઇ ન્યાયનું તત્ત્વ માલુમ પડતું, તેમાં બુધ્ધિ કરતાં સત્તાને વા શાસ્ત્રના આધારને મહોટું સ્થાન વા માન મળતું હતું.

અંગ્રેજી અમલ દેશમાં સ્થપાતાં, ઉપરની પરિસ્થિતિમાં એકદમ ફેરફાર થવા માંડયો ; અને સઘળો વહિવટ, કાયદા–

કાનુનસર, નિર્ણિત ન્યાયના ધોરાનુસાર થવા લાગ્યો. તેથી પ્રજાને એ રાજ્યકર્તાના ન્યાય અને અધિકારમાં શ્રધ્ધા બેઠી અને તેમને લાગ્યુ કે તેમના જાનમાલ ને માલમિલ્કતનું રક્ષણ થશે, એટલું જ નહિ પણ કેટલીક રીતે વ્યક્તિગત સ્વાતંત્ર્ય પણ તેઓ ભોગવી શકશે; અને તે કારણે લોકોમાં અંગ્રેજી રાજ્ય-અમલ તેના આરંભથી આકર્ષક અને પ્રિય થઇ પડયો હતો".[1]

છતાં મુક્તિવાંછુ સાહસિક વીર મુત્સદ્દીઓએ યોજના ઘડી. એ યોજના સંપૂર્ણ રીતે દેશવ્યાપી ન હોવાથી, એ યોજનાના સંવાહકોમાં સંપૂર્ણ એકરાગનો અભાવ હોવાથી, તથા યોજનાનાં નિયત કરેલા સમયે અને સ્થળે યોજનાનો કાર્યક્રમ અમલી ન બનવાથી, અને કેટલાંક બીજાં પણ રાજકીય કારણોને લીધે '૫૭ની ક્રાન્તિ સફળતાને ન વરી, એટલું જ નહીં પણ શાસકો તરફથી "બળવા"નુ બદ-નામ પામી !

ઇશ્વરી યોજનાનુસાર બનતા દરેક બનાવની પાછળ ગૂઢ ગર્ભિત હેતુઓ સમાયેલા હોય છે. ક્રાન્તિની નિષ્ફળતાએ ભારતીય પ્રજાની અસ્મિતા, અભિલાષા અને જોસ્સાની શાસકોને તથા જગતને જાણ કરી દીધી. સત્તા અને દમનના જોરે પરાસ્ત થયેલી ભારતીય પ્રજાના હૃદયમાં ભવિષ્યનાં વર્ષોમાં સિધ્ધ કરવાની આઝાદીનાં બી વવાઇ ગયાં હોવાની ઇંગ્લેંડની પાર્લામેન્ટને ખાતરી થઇ ગઇ. પરિણામે મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાની "બળવાખોર" કહેવાતી હિન્દી પ્રજાને અમૂલ્ય ભેટ મળી, એટલું જ નહીં પણ આ દેશનો સમસ્ત રાજવહીવટ કંપની સરકાર

---

૧. શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ – "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" : ખંડ ૨, પૃ. ૬

પાસેથી લઇને, "ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા" બીલ ધ્વારા પાર્લામેન્ટને સુપ્રત કરવામાં આવ્યો. આ ઢંઢેરામાં હિન્દીઓની આંતરિક અને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ નહીં કરવાની રાણીએ બાંહેધરી આપી હતી. ઇ.સ. ૧૮૭૭માં દિલ્હી દરબારમાં મહારાણી વિક્ટોરિયાએ સામ્રાજ્યભાવસૂચક "કૈસરે હિન્દ"નો ઇલ્કાબ ધારણ કર્યો. આ સત્તાસંક્રાન્તિની પાછળ પાછળ અનેકવિધ સુધારાઓ, યોજનાઓ અને કાયદાઓ આવ્યાં. એ સર્વનું સવિગત વર્ણન અમે અપ્રસ્તુત છે.

૧૮૫૩ના કાયદાથી ધારાસભાનાં મૂળ નંખાયાં. ત્યારબાદ સિવિલ પ્રોસિજર કોડ, પીનલ કોડ, હિંદી હાઇકોર્ટ એક્ટ, ઇન્ડિયન પોલીસ એક્ટ, ઇન્ડિયન સિવિલ સર્વિસ એક્ટ, ઇન્ડિયન ક્રિમિનલ પ્રોસિજર કોડ.....વગેરે મહત્ત્વના કાયદાઓ પસાર થયા. ધીમેધીમે કેટલીક પ્રાન્તિક સરકારોને પણ ધારાસભા ધ્વારા કાયદા ઘડવાનો અધિકાર અપાયો. આમ જાણેઅજાણે લોકશાહીને પથે જઇ રહયાનો આભાસ દર્શાવતા હિન્દના રાજ્યકારોબારમાં લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યની સ્થાપના કરીને તથા વર્તમાનપત્રોનું સ્વાતંત્ર્ય બક્ષીને પ્રજાના મનમાં રહયાસહયા - શાસકોની ન્યાયનિષ્ઠાવૃત્તિ વિશેના - સંદેહને પણ નષ્ટ કર્યો.

બીજી બાજુ, નિઃશસ્ત્રીકરણના કાયદાથી નિરુપાય અને કેટલેક અંશે નિર્બળ બનતી જતી પ્રજાના મનમાં ગુલામીની લઘુતાગ્રન્થિ - જીવનના દરેક ક્ષેત્રમાં - સભાનપણે કાર્ય કરતી હતી. શાસક-શાસિત, ઉંચ-નીચ, ગોરા-કાળા, અમીર-ગરીબ એ પ્રકારનો ભેદભાવ રાજકર્તાની શાસનપ્રણાલીમાં ડગલેને પગલે

પ્રકટ થતો હતો. પરંતુ શાસકોએ સ્થાપેલી બાહ્યશાંતિ અને વ્યવસ્થા તથા તેમણે શરૂ કરેલા મોહક સુધારાઓથી ગરીબ અભણ પ્રજા મૂકપણે પ્રભાવિત થઇ ગઇ હતી, જેના પડઘા નર્મદાશંકર અને દલપતરામની કવિતામાં પણ પડયા વિના રહ્યા નથી.[1] રસ્તા, રેલ્વે, તાર, ટપાલ વગેરે સુખસગવડનાં સાધનોથી ભારતને પહેલી જ વાર સુસજ્જ કરનાર શાસકો પ્રતિ આર્યપ્રજાના હૃદયમાં કૃતજ્ઞતા સિવાય અન્ય કયો ભાવ ઉભરાય ?

---

૧. "આ રાણી સરકારનો, નિર્મળ છે શુભ ન્યાય,
પણ બોલ્યા વિણ કોઇનાં બોર નહિ વેચાય,
માગે તેને તો મળે અદલ રૂડો ઇન્સાફ,
એ અંતરજામી નથી, કેમ કરે દરયાફ".

: દલપતકાવ્ય ભા. ર પૃ. ૧૮ :

"ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર,
પરનાતીલા જાતીલાથી, સંપ કરી ચાલે સંસાર;
દેખ બિચારી બકરીનો પણ, કોય ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે, તું હિન્દુસ્તાન".

: દલપત કાવ્ય ભા. ર પૃ. ૨૯૪ :

"રાણી રાજય કરો બહૂ, પસરો અક્ષય કીર્તિ,
રાય રંકની નિત વધો, સુખદ પરસ્પર પ્રીતિ".

x x

"જય જય જય વાગો રાણી ડંકા તમારા,
ઝટ ઝટ ઝટ ભાગો રાણી શત્રુ તમારા".

: નર્મદ કવિતા પૃ. ૧ :

## કેળવણી અને મિશનરી પ્રવૃત્તિ

ભારતને લાંબા વખત સુધી ગુલામીની બેડીમાં જકડી રાખનાર અંગ્રેજ પ્રજાએ કોઇ અદ્‌ભુત અને અવિસ્મરણીય કાર્ય કર્યું હોય તો તે કેળવણીનું કાર્ય છે. આ કૃષિપ્રધાન દેશમાં શિક્ષણની કેવી સ્થિતિ હતી; ગામડાંઓની ગૂંથેલી જાળ જેવા વિશાળ પ્રદેશમાં ગામઠી તો ગામઠી પણ કેટલી અલ્પસંખ્ય શાળાઓ હતી; એ ચારપાંચ ધોરણની શાળાઓમાં પણ કેવી ઢબે કેવા પ્રકારનું શિક્ષણ અપાતું હતું; તથા તે શિક્ષણનો પણ કરોડો પ્રજાજનોનો કેટલા ટકા ભાગ લાભ લેતો હતો; અને તેમાં ય કન્યાઓ તો કેળવણીથી બિલકુલ અલિપ્ત રહેતી..... આ બધી બાબતો આજે સર્વને સુવિદિત છે અને શિક્ષણના તથા સંસ્કૃતિના ઇતિહાસના પાને નોંધાયેલી છે.

પરંતુ અંગ્રેજશાસકોએ વિચક્ષણ દીર્ઘદ્રષ્ટિ વાપરીને કેળવણીના કામને, સત્તા વિસ્તારના કાર્ય જેટલું જ, બલ્કે તેથી પણ વધારે મહત્ત્વ આપ્યું. એમાં, તેમના સામ્રાજ્યના પાયાને સુદૃઢ કરવાની સ્વાર્થભાવનાનો આક્ષેપ થયો છે – અને તેમાં ઘણું તથ્ય પણ રહેલું છે, પરંતુ તેથી તેમની શિક્ષણ સુધારા પ્રવૃત્તિનાં સારાં પરિણામો પ્રતિ આપણે તદ્દન ઉપેક્ષાવૃત્તિ ધારણ કરી શકીએ તેમ નથી; – અને ભારતના વિદ્વાનોએ પણ તેમના આ સત્કાર્યની મુક્તકંઠે પ્રશંસા કરેલી છે જ.

આથી પ્રજામાનસ જાગૃતિ અને જિજ્ઞાસા તરફ ઉન્મુક્ત બન્યું. પરિણામે રાજા રામમોહનરાયથી માંડી ગોખલે, ટિળક પર્યંત અનેક પ્રગતિશીલ અગ્રણીઓ અને વિદ્વાનોએ રાષ્ટ્રસેવાના કેન્દ્રમાં કેળવણીને મૂકી, અને સમાજનું ઘોર અજ્ઞાન દૂર કરી ઓછામાં ઓછું અક્ષરજ્ઞાન પણ આપવા માટે હાકલ અને હિમાયત કરી. પરિણામે પ્રથમ કલકત્તામાં અને પછી મુંબઇ, મદ્રાસ જેવાં ઇલાકાનાં

પાટનગરોમાં શાળાઓ, માધ્યમિક શાળાઓ અને મહાવિદ્યાલયો શરૂ થયાં. પછીનાં પાંચદશ વર્ષમાં તો તાલુકાના ગામે પણ અંગ્રેજી શાળાઓ ખોલવામાં આવી. સરકારની સહાય અને પ્રેરણાથી સ્થપાયેલી એજ્યુકેશન સોસાયટીઓએ કેળવણીના પ્રચારનું કાર્ય કર્યું. ૧૮૩૫માં મહાન કેળવણીકાર મૅકોલેએ આખી યોજના ઘડી. ૧૮૫૪માં 'Educational Dispatch' — હિન્દી પ્રજાને કેળવણી આપવાનો ધારો — પાર્લામેન્ટમાં પસાર થયો. તેથી કેળવણીના પ્રચારકાર્યને ખૂબ વેગ મળ્યો — જેનાં સારાં ફળો ચાખવાને આજે સ્વતંત્ર ભારતના નાગરિકો ભાગ્યશાળી બન્યા છે. ૧૮૫૭માં કલકત્તા, મુંબઇ અને મદ્રાસ શહેરોમાં વિદ્યાપીઠોની (યુનિવર્સિટીઓની) સ્થાપના થઇ. આ યુનિવર્સિટીઓ સાથે જોડાણ મેળવીને વડોદરા, જૂનાગઢ, ભાવનગરનાં રાજ્યોમાં તથા અમદાવાદમાં પણ કૉલેજો સ્થપાઇ. ત્યારપછીનો ઇતિહાસ તો આપણે જાણીએ છીએ કે યુનિવર્સિટીઓની તથા તદાશ્રિત કૉલેજોની સંખ્યા વધતી ગઇ અને આજે સ્વતંત્ર ભારતમાં તો આ વિશ્વવિદ્યાલયનું બહુશાખાળું વૃક્ષ પ્રચંડ વિસ્તારને પામતું જાય છે, એટલું જ નહીં પરંતુ આજે મુખ્યત્વે કેળવણીની જવાબદારી ખાનગી સાહસની પ્રવૃત્તિ તરીકે — અલબત્ત સરકારે નક્કી કરેલી શિક્ષણનીતિની મર્યાદામાં રહીને અને ટ્રસ્ટસ્વરૂપે — પૂરજોશથી પ્રગતિને પથે પ્રયાણ કરી રહી છે.!

અંગ્રેજી કેળવણીની હિમાયત અને તેના પ્રચારને પ્રજા તરફથી ખૂબ પ્રોત્સાહન મળવામાં મુખ્ય કારણ એ હતું કે, સરકારી નોકરીઓમાં — ખાસ કરીને તે વખતે ઊંચા ગણાતા હોદ્દાની નોકરીઓમાં — અંગ્રેજીના જ્ઞાનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. સરકારને કેળવાયેલા કારકુનોની ખૂબ જરૂર હતી, એ ખૂબ ચવાયેલી વાતને અતિશય મહત્ત્વ ન આપીએ તો પણ, આ શિક્ષણમાં જ કાંઇ

એવું હતું કે લોકો તેની પાછળ ગાંડા-ઘેલા બની જતા. સમાજમાં પ્રતિષ્ઠાનો માનદંડ પણ આ કેળવણીમાં જ આવીને વસ્યો. તે એટલે સુધી કે આ પ્રકારની કેળવણી (ઓછામાં ઓછું મેટ્રીક - હાલનું એસ. એસ. સી. - અને વધુમાં વધુ બી. એ. વગેરેની ઉપાધિથી શરૂ કરી આઇ. સી. એસ. નાપાસ) પામેલો સમુદાય, પોતાની નવીન વિચારસરણી, રહેણીકરણી અને કાર્યપધ્ધતિથી જુદા "સુશિક્ષિત વર્ગ" તરીકે ઓળખાવા લાગ્યો. આમ "ગરીબ-અમીર"ને બદલે અથવા તદુપરાંત, અભણ અથવા અંગ્રેજી નહીં ભણેલો તથા અંગ્રેજી ભણેલો એવી નવી ભેદરેખા અંકિત થઇ અને અલ્પ સમયમાં જ જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં વ્યાપી ગઇ.

શિક્ષણ અને તેનો પ્રચાર એ તો સારામાં સારી વસ્તુ કહેવાય. ભારતમાં અંગ્રેજી ભાષા આવી અને તેની સાથે સાથે અંગ્રેજી ભાષામાં પ્રકટ થયેલો અખૂટ જ્ઞાન-ખજાનો ભારતવાસીઓ માટે ખુલ્લો બનતો ગયો. પરિણામે પુસ્તકાલય અને પ્રયોગશાળાની પ્રવૃત્તિઓ પાંગરી, ફાલીફૂલી. કેળવણીની અને સામાજિક જીવન પરત્વેની નવી દ્રષ્ટિનો ઉદય થવા માંડયો. મુદ્રણાલય, વર્તમાનપત્રો અને પ્રકાશનનાં સાધનોએ જાણે જ્ઞાનની પરબ ખોલી દીધી. તે વખતે બ્રિટિશ સામ્રાજ્યનું પ્રભુત્વ દુનિયાના ઘણાં દેશોમાં હોવાથી, અન્ય દેશોની ભાષામાં વહેતી જ્ઞાનગંગા પણ અંગ્રેજી અનુવાદ ધ્વારા ભારતમાં વહેવા લાગી. આ બધાના પરિણામે "સુશિક્ષિત વર્ગ"માં યુરોપમાં ૧૬મા સૈકામાં શરૂ થયેલી Renaissance ની લઘુઆવૃત્તિની જેમ જાણે નવજાગૃતિ આવી.

પરંતુ આ કેળવણી વિષયક પ્રવૃત્તિઓ તદ્દન નિર્મળ સ્વરૂપની કહી શકાય તેવી ન હતી. શિક્ષણ ઉપરાંત કાંઇક બીજાં તત્ત્વોની ભેટ પણ ભારતીય બાળકોને આપવાનું વિદેશી શાસકવર્ગનું પ્રયોજન

પ્રચ્છન્નરૂપે રહેલું હતું. અંગ્રેજી ભાષા, સાહિત્ય અને શિક્ષણ ગ્રહણ કરનાર વિદ્યાર્થી ધીમેધીમે પાશ્ચાત્ય રહેણીકરણી કે વસ્ત્રપરિધાન વગેરેના સંસ્કારો ઉપરાંત ખ્રિસ્તી ધર્મનાં વિચાર–વલણો અને વિધાનોનું વર્ચસ્વ સ્વીકારતો થાય એ રીતની આખી શિક્ષણપ્રણાલી જાણે પૂર્વયોજિત ચોકઠારૂપે ગોઠવાયેલી ન હોય એમ લાગતું હતું ! અંગ્રેજી શાળા–કોલેજોમાં બાઇબલનું સદ્બોધ–શ્રવણ ફરજિયાત હતું. મિશનરી–પાદરીઓએ પોતાના સ્વદેશ–ધર્મ પ્રત્યેનું ઋણ અદા કરવામાં આકાશપાતાળ એક કર્યાં. ઈંગ્લેન્ડની સરકારે પણ લાંબે ગાળે પાકે પાયે ફલવતી બનનાર આ શિક્ષણના સુગમ અને સ્વાભાવિક લાગતા માધ્યમ દ્વારા પ્રવર્તાવેલી યોજના પાછળ આર્થિક સહાયનું પૂર વહેવડાવવામાં પાછું વાળીને જોયું નહીં. બહુજનસમાજના મન પર પકડ આવતાં વેંત જ પાદરીઓએ ખુલ્લંખુલ્લી વેદધર્મની– હિંદુધર્મની નિંદા પણ કરવા માંડી. પુરાણકથાઓની તેમણે પુરોહિતો કે પંડિતોના કપોલકલ્પિત ટાઢા પહોરનાં ગપ્પાંમાં ગણતરી કરી. વળી તે વખતે હિંદુધર્મ અને સંસ્કૃતિને વહેમ અને અંધવિશ્વાસનાં જાળાં બાઝી ગયાં હતાં. વેદાન્તી જ્ઞાની કવિ અખાએ ૧૭મા સૈકામાં હિંદુધર્મના પ્રચલિત બાહ્ય આચાર– વિચાર વિશે જે કટાક્ષપ્રહારો કર્યા હતા તે જ પ્રહારોને પાત્ર ૧૯મી સદીની હિંદુ સમાજની સ્થિતિ હતી, – બલ્કે તેથી પણ વિશેષ પ્રમાણમાં વિકૃતિ અને વિષમતાએ ઊંડી ઘો ખોદી હતી, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ થતી નથી. ગરીબ અને ગુલામ પ્રજાજનની પામર કે નિર્બળ દશાનો શાસકવર્ગ "યેન કેન પ્રકારેણ" લાભ ઉઠાવે, એમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. અને એ લાભ સમજવા તથા ઉઠાવવા પૂરતી કાબેલ અને કુશળ દૃષ્ટિસંપન્ન અંગ્રેજ પ્રજા હતી, એની ના કહી શકાય નહીં !

ધર્માચરણમાં પ્રણાલિકાથી પોષાયેલી જામી ગયેલી જડતા, અજ્ઞાન, નિરક્ષરતા, અંધશ્રધ્ધા, વિચારોની સંકીર્ણતા વગેરેને કારણે પ્રણાલિકાપૂજક વર્ગ પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કારોના પ્રવાહોથી પોતાની જાતને – આભડછેટ વૃત્તિથી – અલિપ્ત રાખવા લાગ્યો. તે એટલે સુધી કે "બાપનો કૂવો એટલે ડૂબી મરવું" એ કૂપમંડૂકવૃત્તિ તો જીવનમંત્ર બની ગયો. તેમની વીરતા સંરક્ષણ માટેની પ્રવૃત્તિમાં તીવ્રપણે પ્રકટ થવા લાગી. પરંતુ તે તો માત્ર પુરાણી રીતરસમો અને વિધિરૂઢિગત ધારાધોરણના સંરક્ષણ માટે જ. શ્રી રમણભાઇ નીલકંઠ કૃત "ભદ્રંભદ્ર"માં આ વર્ગનું આબેહૂબ પ્રતિબિંબ પડેલું છે.

આ પરંપરાપૂજકોની એક બીજી પણ વિચિત્રતાનો મિશનરીઓએ પોતાની તરફેણમાં લાભ લેવા માટે ઉપયોગ કર્યો. તે સમયે જ્ઞાતિવાદનું પ્રભુત્વ પરાકાષ્ઠાએ પહોંચેલું હતું. જ્ઞાતિ એ જ જીવનનૌકાનો કૂવાસ્તંભ હતો. જ્ઞાતિદેવતાની આરાધના અને પ્રીતિ તો ઇષ્ટદેવની ઉપાસના કરતાં પણ ઊંચું સ્થાન ભોગવતી હતી. શ્રીમદ્ ભગવદ્ગીતા[1]માં શ્રીકૃષ્ણ ભગવાને પ્રબોધેલી અસલ વર્ણવ્યવસ્થાને વફાદાર રહેનારી જ્ઞાતિભક્તિ હોત તો તો ભારતીય પ્રજા બરબાદીમાંથી ક્યારની ય ઉગરી ગઇ હોત. પરંતુ આ તો ચારને બદલે ચારસો શાખા–પ્રશાખાઓમાં વહેંચાયેલી – મૂળ વર્ણવિશુધ્ધિને વિકૃત કરનારી – પેટા તડ, ગોળ, દશા, વિસા.... વગેરેમાં શીર્ણ–વિશીર્ણ થયેલી જ્ઞાતિસંસ્થાનું રોજિંદા વ્યાવહારિક જીવનમાં અતિશય પ્રાબલ્ય હતું. પરિણામે રોટીબેટીના વ્યવહારની તથા ઊંચનીચની કૃત્રિમ ભેદની જડ પણ મજબૂત દીવાલો ચણાતી જતી હતી. આથી, શૂદ્ર મનાતા વર્ગના લોકો પ્રત્યે

---

૧ चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥
(ગીતા : ૪;૧૩)

ઉપલા ત્રણ વર્ગના લોકો તરફથી ડગલેને પગલે શોષણ અને અમાનુષી કહી શકાય એટલી હદ સુધીનું ઘૃણાત્મક વલણ–વર્તન રાખવામાં આવતું. તે જ પ્રમાણે બ્રાહ્મણો અને ક્ષત્રિયોનું વૈશ્યો તથા શૂદ્રો પર, બ્રાહ્મણોનું ત્રણે વર્ણના લોકો પર આધિપત્ય અને એકહથ્થુ શાસન થતું. બ્રાહ્મણબ્રાહ્મણમાં, ક્ષત્રિયક્ષત્રિયમાં, વૈશ્યવૈશ્યમાં અને પછાત કોમોની અંદરોઅંદર પણ એટલા બધા ઊંચનીચના વાડા અને વર્ગભેદ પ્રવર્તતા હતા કે તેનું માત્ર વર્ણન પણ આજની પેઢીનો વાચક સાંખી શકે નહીં. આમ પાદરીઓએ અને અંગ્રેજ અમલદારોએ, આવી સંકીર્ણ વર્ણવ્યવસ્થાનો શિકાર બનેલા શોષિતપીડિત અસંતુષ્ટ સમુદાયને સેવા, આર્થિક સહાય, શિક્ષણ, તબીબી સગવડ અને કદીકદી વિવાહ અને વિદેશગમન વગેરેનાં પ્રલોભનોથી પોતાના તરફ આકર્ષવાનો પ્રયત્ન કર્યો ; અને એમાં તેમને મોટેભાગે સફળતા પણ મળી. આમ અંગ્રેજી કેળવણીએ જ્ઞાનવિતરણ કરવા ઉપરાંત આડકતરી રીતે ખ્રિસ્તીધર્મનો પ્રચાર અને વટાળવૃત્તિને પોતાનું લક્ષ્ય બનાવ્યું.

આમ આ કેળવણીએ એકબાજુ સનાતની ચુસ્ત રૂઢિપૂજકોના સમુદાય પર વજ્રઘાત જેવો જબરજસ્ત પ્રહાર કર્યો તો બીજી બાજુ અસંતોષની આગમાં સળગતા અને સત્ય માર્ગદર્શન વિના ધૂંધવાતા – મુખ્યત્વે પછાત કોમના અને મધ્યમવર્ગના – સમૂહને લાલસાવશ કરી ધર્માન્તર તરફ ઘસડી જવામાં સફળતા મેળવી. આ સિવાય એક ત્રીજો પણ વર્ગ હતો ; અને મોટેભાગે તે યુવકોનો વર્ગ હતો. આ વિચારશીલ વર્ગના મનમાં ઊંડેઊંડે પ્રચલિત ધર્મપ્રણાલી અને ચીલાચાલુ રીતરસમો પ્રત્યે અશ્રધ્ધા અને ઘૃણાની લાગણી જન્મ પામી હતી. કેટલાકના હૃદયમાંથી તો અસલ ધર્મભાવના સાવ લુપ્ત થવાની તૈયારીમાં હતી ! આ વર્ગના આન્તર મનમાં બંડખોર વૃત્તિ વિકાસ પામી રહી હતી અને બાહ્ય પ્રકટીકરણ માટે કોઇ અનુકૂળ

નિમિત્તની જાણે રાહ જોઇ રહી હતી. અંગ્રેજી કેળવણી અને તદનુસારી સુધારાપ્રવૃત્તિએ આ વૃત્તિને ક્રાન્તિની કેડી ચીંધી આપી. આ બધી બાબતો અને એવાં બીજાં પરિબળો એટલી ત્વરાથી વિકસ્યાં અને વ્યાપ્યાં કે સમાજનો વિચારશીલ વર્ગ પણ, સુધારાની ઉગ્ર વાસનાના વહેણમાં તણાવા લાગ્યો, અને પ્રવૃત્તિનાં સારાં ફળોની સાથે સાથે નિષ્પન્ન થતાં ભયંકર અનિષ્ટ ફળોની ઉપેક્ષા કરીને ઘણે દૂર દોડી જવા લાગ્યો ! જલદ ઉપાયોને જલદીથી લેખે લગાડવા ઉત્સુક બનેલો સુધારક, – તત્કાલીન વિવેકમૂલ્યની સાપેક્ષ દષ્ટિએ – ઉદ્દામ અને ભંજકવૃત્તિનો વાહક બન્યો ; જ્યારે "ધીરે ધીરે સુધારાનો સાર"ને અનુસરનારો વર્ગ વિનીત અને શિથિલ મનાયો. તે સૌની વચ્ચે – ભલે અલ્પસંખ્યામાં અને લઘુમતિમાં – જીવનસંગ્રામ ખેલતો અને જીવન વિશે ચિંતન કરતો નાનકડો સમુદાય પણ હતો કે જેની પ્રતીતિ અપ્રકટપણે પણ સૂક્ષ્મરીતે સૌકોઇને ઊંડે ઊંડે થયા વિના રહેતી નહીં.

આમ અંગ્રેજી કેળવણીનાં મૂળ નખાયાં તેની સાથે સાથે જ કાયાપલટો કરી નાખે એવાં સમાજસુધારાનાં બી પણ વવાયાં. આ બંને – શિક્ષણ અને સુધારો – એકબીજાંને પોષક અને સહાયક નીવડયાં. કોઇપણ નવીન વિચાર સમાજમાં આકાર લેવા મથતો હોય છે ત્યારે તેને સિંચન મળે એ પ્રકારના પ્રસંગો પણ ઉપસ્થિત થતા હોય છે. આવાં અનેક અભ્યાસપાત્ર બનાવો અને પરિબળોએ સમાજના જુદા જુદા વર્ગમાં સંઘર્ષો જન્માવ્યા. એ સંઘર્ષોના સહારે સહારે પણ, ઉપર જણાવ્યું તેમ, ખ્રિસ્તીધર્મ અને સંસ્કૃતિએ શિક્ષણના માધ્યમ દ્વારા ભારતીય હિંદુસમાજ અને સંસ્કૃતિ પર પોતાનો આક્રમક પંજો ફેલાવ્યો હતો. એ પંજાની

પકડમાં આવનારને કોઇ પ્રકારની પીડાનો અનુભવ વૈચારિક ભૂમિકા પર પણ થતો ન હતો. બલ્કે એ પ્રજાના આશ્લેષનો સુંવાળો સ્પર્શ-પાશ તેમને દિનપ્રતિદિન અધિક પ્રમાણમાં આહ્લાદક લાગતો હતો. આવી અજબ જાદુભરી એની મોહિની હતી.

ગુજરાતમાં જેમ "૫૭ના વિપ્લવની અસર નહીંવત હતી તેવું આ બાબતમાં નહોતું. પાશ્ચાત્ય સંસ્કારોના પુર-પ્રવાહમાં ભારતના અન્ય પ્રાન્તવાસીઓ તણાય તેમ ગુજરાતીઓ પણ તણાય એ તે સમયે સાવ સ્વાભાવિક હતું.

ઉપર નિર્દિષ્ટ સ્વધર્મસંસ્કૃતિના સંરક્ષક પરિબળપ્રવાહો પૈકી કેટલાક મુખ્ય પ્રવાહોની સંક્ષિપ્ત આલોચના કરવાનું અત્રે ઉચિત લાગે છે. કારણકે એ પ્રવાહોની જેમ જ, પ્રસ્તુત મહાનિબંધના વિષયભૂત સંસ્થાનો પ્રવાહ તેની સવિશેષ લાક્ષણિકતાઓ અને અસરો સહ વહ્યો છે.

બ્રિટિશશાસનની શરૂઆતથી જ ભારતમાં અને ગુજરાતમાં પણ નવાં વિચારોનાં આંદોલનો શરૂ થયાં. અંગ્રેજી કેળવણી, પાશ્ચાત્ય જીવનનો પ્રત્યક્ષ સંસર્ગ અને પાદરીઓની પ્રવૃત્તિઓની અસર નીચે એકબાજુથી સુધારકવૃત્તિને વેગ મળ્યો અને તેના પરિણામે અનેકવિધ સુધારાઓ તથા સંસ્થાઓ કાર્ય કરતાં થઇ ગયાં, તો બીજીબાજુથી સંરક્ષકવૃત્તિએ પણ પોતાના પડકાર અને પુરુષાર્થને વ્યવસ્થિત રીતે વિકસાવ્યો. ધર્માન્તરને પોતાનો પરમ ધર્મ માનનારા ખ્રિસ્તી પાદરીઓ અને પાડેલો ભારતવાસીઓનાં ઊંડા સ્તરોમાં પ્રવેશ કરવા લાગ્યા. ત્યાં તેમને જણાયું કે ભારતની વસ્તીના મોટાભાગના લોકો પછાત, અજ્ઞાન હોઇ સાવ "જંગલી જેવું"(!) જીવન ગાળે છે. તે મિશનરીઓ દુઃખ અને

અગવડો વેઠીને પણ તેઓની સમીપ જઇ પહોંચ્યા, તેઓની વચ્ચે વસ્યા અને તેમની મુશ્કેલીઓ પ્રત્યે સહાનુભૂતિ પણ બતાવી. તેમની સહાનુભૂતિ માત્ર શાબ્દિક જ ન હતી. તેઓ તેમને દરેક રીતે મદદ કરવા પણ તત્પર બન્યા.

અંગ્રેજ મિશનરીઓએ હિંદુઓના રોજબરોજના વ્યવહાર અને રીતરસમો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. લોકોના અજ્ઞાન માટે તેમના હૃદયમાં અનુકંપા ઉત્પન્ન થઇ ! ગર્ભાવસ્થામાં અપાતાં વિવાહવચનો કે બાળલગ્નો, પ્રૌઢો તથા પ્રતિષ્ઠાવાન શ્રીમંતોનાં કિશોરવયની બાળાઓ સાથેનાં લગ્નો, કજોડાં, વિધવાની કરુણ સ્થિતિ, ફરજિયાત વૈધવ્યપાલન, વાળ ઉતારવાની બાધા, યજ્ઞોપવિત, લગ્ન કે સીમંતના શુભપ્રસંગોએ તથા મૃત્યુ સમયે અને મૃત્યુ પછી સંસ્કાર વિધિના નામે થતો અઢળક ખર્ચ, મૃત્યુ પછી કાણમોંકાણના રિવાજ, પરદેશગમનનો નિષેધ..... વગેરે સામાજિક પ્રસંગો અને રૂઢિઓ કેવાં હાસ્યાસ્પદ છે એટલું જ નહીં પરંતુ આર્થિક રીતે હાનિકારક પણ છે, એ પાદરીઓની ટીકા-વિવેચનાનો મુખ્ય વિષય બની રહ્યો. પોતાની જ જીવનપ્રણાલીની નિંદા કરનારી આ વિચારધારા, નવી સ્થપાયેલી વિદ્યાપીઠોમાંથી પરીક્ષાઓ આપી બહાર નીકળેલા પદવીધર યુવકોને તો ખૂબ આકર્ષી રહી. સુધારાવાદીઓને, – અંગ્રેજી ભણેલા અને નહીં ભણેલા ઉભય પ્રકારના – પ્રગતિવાંચ્છુ સુધારાવાદીઓને તો "ભાવતું હતું ને વૈદ્યે કીધું" જેવું થયું. તેમના સુધારણાવાદને તો તેનાથી જબરો ટેકો મળવા લાગ્યો.

જેવું સામાજિક ક્ષેત્રમાં તેવું જ ધાર્મિક ક્ષેત્રમાં પણ બનવા લાગ્યું કારણ કે ધર્મ પણ તે વખતે જાણે સામાજિક રીતરિવાજોમાં જ સ્થગિત થઇ ગયો હતો. ધર્મ વિશે કોઇ વિચાર કે કોઇ કાર્ય

તે વખતે એવાં નહીં હોય કે જેની અભિવ્યક્તિ કોઇને કોઇ સામાજિક રૂઢિપરંપરા કે વિધિરિવાજ દ્વારા થતી ન હોય ! આથી ધર્મનું ગૂઢ તત્ત્વરહસ્ય તો કયાંય ખૂણાખાંચરામાં કે ગણીગાંઠી વિરલ ચિંતનપરાયણ વ્યક્તિઓના હૃદયમાં લપાયેલું પડયું રહેતું, અને તેના સ્થાને કેવળ અંધશ્રધ્ધાને આધારે પોષાતાં અસંખ્ય વિધિવિધાન અને વિકૃત ક્રિયાકાંડનાં જ દર્શન થતાં હતાં. વાતવાતમાં વ્રતવિધાન, બાધાઆખડી, જપજાપ, યજ્ઞયાગ, બાહ્યાચાર ઇત્યાદિનો શિકાર બની ગયેલી ધર્મવૃત્તિ, એકબાજુથી અંગ્રેજ મિશનરીઓનું અને બીજીબાજુથી સ્વદેશી સુધારકવર્ગનું નિશાન બની ચૂકી. બંનેના આશયમાં સમાજનો ઉત્કર્ષ અને કલ્યાણ કરવાની ઉચ્ચાભિલાષા રહેલી હતી, એની શંકા કરી શકાય તેમ નથી. પરંતુ બંનેની પ્રવૃત્તિ અને પધ્ધતિમાં તફાવત હતો. એ તફાવત પણ સ્વાભાવિક હતો, કારણકે એકપક્ષે શાસકવર્ગની સત્તાની હૂંફ અને ઊંડેઊંડે પ્રચ્છન્નપણે રહેલી સાંસ્કૃતિક સામ્રાજયના વિસ્તારની ભૂખ પણ કામે લાગેલી હતી ; અને તેમાં નવી કેળવણી સંપૂર્ણપણે સહાયભૂત થવા તત્પર બનતી. તો બીજે પક્ષે પોતાનાં જ ભાઇબહેનોની સામે સ્વકીય સમાજ અને ધર્મના ક્ષેત્રમાં ઘર ઘાલી બેઠેલાં અનર્થકારી અનિષ્ટ તત્ત્વોની નાબુદી માટેની જલદ જેહાદ હતી. આ બીજા વર્ગમાં પણ સંરક્ષણવાદી અને ઉદારમતવાદી એવા બે પક્ષો પડી ગયા હતા. આ બંને — અથવા ત્રણેય — ની સામે પ્રણાલિકાભંગને સ્વપ્નમાં પણ ન સહી શકનાર એવા ચુસ્ત સનાતની વર્ગની જડતાની દીવાલ વધુ અને વધુ મજબૂત બનતી જતી હતી ! આમ મુખ્યત્વે,

(અ) (૧) સનાતની સંરક્ષક,
(૨) સુધારક, તથા
(૩) તેના સમુચિત સમન્વયનો ચાહક,

એવા વિવિધ વર્ગોની વચ્ચેના ગજગ્રાહથી,

તથા

(૫) શાસક અને મિશનરી વર્ગના પણ વિવિધ પ્રકારના સંઘર્ષોથી ૧૯મી સદીનો આખો ય ઉત્તરાર્ધ વ્યાપ્ત હતો.

સમાજ–સંસ્થાઓ, સુધારો અને ધર્મશોધન

અદ્વૈતની ત્રણ ધારાઓ :–

ઇતિહાસપ્રસિધ્ધ હકીકતનું અહીં ફરીથી વિસ્તારપૂર્વક વર્ણન કે વિવેચન કરવાની જરૂર નથી કે ઇ.સ.ના ૯–૧૦મા સૈકામાં શ્રી જગદ્ગુરુ શંકરાચાર્યે હિંદુ ધર્મનો પુનરુધ્ધાર કર્યો ; અને હિંદુ સંસ્કૃતિને, તેનાં મૂળભૂત તત્ત્વોને આધારે જ એવો વળાંક આપ્યો કે જેથી તેનો પ્રવાહ અવિચ્છિન્નપણે સૈકાઓના સૈકાઓ સુધી વહ્યા કરે અને માનવજાતિને ઘનઘોર અંધકારની વચ્ચે પણ, તેના અભ્યુદય માટેનો પ્રેરણા–પ્રકાશ મળતો જ રહે. આઠથી બાર વર્ષની વયમાં શાસ્ત્રાધ્યયન પૂર્ણ કરી, તેમણે સોળમે વર્ષે ભાષ્ય રચ્યું, અખિલ ભારતમાં પર્યટન કરી, ચાર દિશામાં ચાર આશ્રમો સ્થાપીને, દિગ્વિજય કરી, અદ્વૈતનો ડંકો બજાવી, ૩૨ વર્ષની નાની વયમાં કૈવલ્યપદને પ્રાપ્ત કરનાર એ મહાન અવતારવિભૂતિનું કાર્ય ખરેખર અદ્‌ભુત અને અપૂર્વ હતું.

કેવલાદ્વૈતને આત્યન્તિક સ્વરૂપમાં અનુસરનાર મઠ–આશ્રમનિવાસી કે પરિવ્રાજકવર્ગની સાધુપરંપરા આજપર્યંત ચાલુ છે ; તો સંન્યાસનો સ્વીકાર નહીં કરનારા ગૃહસ્થી સંસારીઓમાં પણ અદ્વૈતની આરાધનાનો શાંકર–માર્ગ બહુજનસમાજમાં પ્રચલિત છે. સમય સમયનું કાર્ય કરે જાય છે તેમ શ્રી જગદ્ગુરુના ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव ना ના પ્રમુખ સિધ્ધાન્તસૂત્રની અર્થસમજૂતી વિશે તથા તેમના માયાવાદ વિશે સૈકાઓ દરમ્યાન વિવિધ મતમતાંતરો થતા રહયા અને જ્ઞાનવિરુધ્ધ

ભક્તિ, ભક્તિરહિત કેવળજ્ઞાન, વૈરાગ્યપ્રધાન જ્ઞાન, ઉપાસના અને જ્ઞાન.....વગેરે વિષયોએ ઊહાપોહ મચાવી દીધો. એ ચર્ચા આ ગ્રંથમાં અન્યત્ર કરવામાં આવશે. અત્રે તો એક જ વાતની નોંધ લેવી ઘટે છે કે શુધ્ધ, અર્ધશુધ્ધ, શુધ્ધાશુધ્ધ, અશુધ્ધ કે વિકૃત – સર્વ સ્વરૂપોમાં શાંકરમતને માનનારાઓનો અને અનુસરનારોઓનો મોટો જનસમુદાય, ૧૯મી સદીમાં ભારતભરમાં વ્યાપકરૂપે હતો.

શ્રી શંકરાચાર્યે વૈદિક ધર્મને વિધ્વંસમાંથી ઉગારીને સ્થિર કર્યો. પરંતુ લોકહૃદયની ભિન્નભિન્ન ભૂમિકા, અધિકાર અને અભિરુચિ અનુસાર તેમાં સમય, સ્થળ, સંજોગો પ્રમાણે સુધારા-વધારા થવાથી તેમાંથી ૧૧ થી ૧૬મા સૈકા સુધીમાં વિવિધ સંપ્રદાયો થયા. તે પૈકી શ્રી રામાનુજાચાર્યપ્રસ્થાપિત વિશિષ્ટાદ્વૈત, શ્રી મધ્વાચાર્યસંસ્થાપિત દ્વૈત તથા શ્રીવલ્લભાચાર્યસંસ્થાપિત શુધ્ધાદ્વૈત પ્રધાન સ્થાન ભોગવે છે. ૧૯ અને ૨૦મી સદીમાં મધ્વસંપ્રદાયના અસલ સ્વરૂપનું દર્શન થવું વિરલ અને અશકયવત્ છે. કારણકે કુદરતના અને કાળના વિકારની અસર આ સંપ્રદાય પર મોટા પ્રમાણમાં થવાથી, તેમાં ૬૦ ઉપરાંત પેટાપંથો ફાટી નીકળ્યા અને મોટાભાગના પંથાનુયાયીઓ – થોડાક અપવાદ બાદ કરતાં – તો ભયંકર ઘૃણાસ્પદ વામમાર્ગે વળેલા હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવવાદને તો મોટાભાગની સામાન્ય અને મધ્યમવર્ગની જનતાએ – ખાસકરીને વૈશ્યવર્ગની જનતાએ – હૃદયપૂર્વક અપનાવી લીધો હતો. આચાર્યશ્રીના ગુજરાતના અને ગુજરાતની સરહદ પર આવેલા રાજસ્થાનનાં નિવાસ અને પ્રવાસને લીધે વૈષ્ણવસંપ્રદાયે જનતાના હૃદયનો કબજો લીધો હતો. ગુજરાતમાં ઘણાં ગામોમાં અને શહેરોમાં વૈષ્ણવ મંદિરો અને બેઠકો થયાં હતાં અને એ દ્વારા

વૈષ્ણવધર્મને ખૂબ પ્રચાર-પોષણ મળ્યાં હતાં. ૧૯મી સદીમાં ગુજરાતમાં તો એની સવિશેષ ધારા વહી રહી હતી. નવધાભક્તિ, પ્રેમલક્ષણાભક્તિ અને એના અંગભૂત શ્રીકૃષ્ણસેવા – એ શુધ્ધાદ્વૈતના હાર્દરૂપ હતી. પરંતુ આ માર્ગમાં પણ, અન્યત્ર બને છે તેમ, જ્ઞાન તથા સાચી સમજણને કોરે મૂકીને જનતા વેવલી ભક્તિમાં તરબોળ બનતી જતી હતી.[1]

---

૧. (૧) ૧૭મા સૈકામાં, અખાની કવિતામાં સમાજનું પ્રતિબિંબ આ પ્રમાણે પડે છે :

"તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યા ચર્ણ, તો ય ન પહોતાં હરિને શર્ણ.
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તો ય ન આવ્યું બ્રહ્મજ્ઞાન."

. . . . .     . . . . .     . . . . .     . . . . .

"વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પરસાદ ટાણે પત્રાવળાં ભરે,
રાંધ્યા ધાન વખાણતા જાય, જેમ પીરસે તેમ ઝાઝાં ખાય.
કીર્તન ગાઇને તોડે તોર, અખો કહે જુવાનીનું જોર."

. . . . .     . . . . .     . . . . .     . . . . . વગેરે.

(૨) વધુમાં સરખાવો :

" The deeds of the Maharajs are evil and so they love the darkness and not the light, and have resolved to resist to the death, the inevitable exposure of the witness box, which is sure to bring on them the detestation of the majority of the public, and must at last overthrow their influence even with their most benighted and bigoted devotees. It is not our purpose to deal with their lives, their inevitable avarice, their greed of power, their insufferable pride, their grinding tyranny, and utter contempt of their people, and their abandoned profligacy ; it suffices to tell the readers that they claim to be gods and we leave them to conceive how abhorrent and infamous must be their yoke".

('The Bombay Times' 23-8-1859)

(3) ઇ.સ. ૧૮૬૨નો જદુનાથ મહારાજનો લાઈબલ કેસ પણ ઘણો જાણીતો છે.

છતાં પણ એટલું તો ચોક્કસ છે કે, ગુજરાતમાં તે વખતે વૈષ્ણવસંપ્રદાયનો પ્રભાવ અને વિસ્તાર જેટલો પ્રબળ હતો, તેટલો ભારતના બીજા કોઇ પણ ભાગમાં ભાગ્યે જ હશે. આ સંપ્રદાયના આકર્ષણનું એક કારણ એની સિધ્ધાન્તપ્રણાલીની સરળતા અને પ્રાસાદિકતા પણ હોઇ શકે. તેમાં, શાંકર માર્ગની જેમ, શુષ્ક નીરસ ત્યાગ કે તપ પર બહુ ભાર મૂકવામાં આવ્યો નથી. સૂક્ષ્મ આંતરિક દષ્ટિએ તો દરેક માર્ગમાં નિરોધ અને નિરાસક્તિપૂર્વકના આત્મનિવેદનની અગત્ય હોય એ સ્વાભાવિક છે. પરંતુ બાહ્ય રીતે રોજિંદા વ્યવહારમાં પદાર્થના પરિત્યાગની અહીં અગત્ય નથી. અહીં તો સેવા દ્વારા પ્રભુના પ્રસાદરૂપે જગતનો–જગતના વસ્તુ– વિષયોનો–સ્વીકાર કરવાની અને તે દ્વારા અનુગ્રહ (પોષણ) પ્રાપ્ત કરવાની સુગમતા છે. "રસિકવલ્લભ"માં કવિ દયારામે આ સંપ્રદાયના સિધ્ધાંતોનું સરળ શૈલીમાં નિરૂપણ કરેલું છે.

આ પ્રકરણમાં આ ચાર તત્ત્વધારા – કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત અને શુધ્ધાદ્વૈત – ના સાંપ્રદાયિક વિચારોના તુલનાત્મક અભ્યાસને જરા પણ સ્થાન આપ્યું નથી. પરંતુ અહીં તો માત્ર એટલું જ સૂચવવું પર્યાપ્ત છે કે દ્વૈત સિવાય બાકીના ત્રણે ય સંપ્રદાયોના અનુયાયીઓ ભારતમાં અને ખાસકરીને ગુજરાતમાં લાખોની સંખ્યામાં હતા.

<u>સ્વામીનારાયણ સંપ્રદાય</u> :–

ગુજરાતમાં તે વખતે "સ્વામીનારાયણ સંપ્રદાય"ની પ્રબળ ધર્મધારા વહેતી હતી. તેનો વિશેષ પ્રસ્તાર તો કચ્છ અને સૌરાષ્ટ્રમાં (તે વખતે કાઠિયાવાડમાં) થયો હતો. આ

સંપ્રદાયના આચાર્ય શ્રી સહજાનંદ સ્વામીનો સમય ઇ.સ. ૧૭૮૧ થી ૧૮૩૦ નો હતો. તેમનું મૂળનામ ઘનશ્યામ ઉર્ફે નીલકંઠ સ્વામી હતું. તેમના ગુરુ સ્વામી રામાનંદે ઇ.સ. ૧૭૫૫માં આ માર્ગનો નાનકડો પ્રારંભ તો કર્યો જ હતો. પરંતુ ગુજરાતમાં તેની વ્યવસ્થિત સ્થાપના કરવાનું શ્રેય શ્રી સહજાનંદ સ્વામીને ફાળે જાય છે.

ઉત્તર હિંદુસ્તાનમાં પોતાના વતન અયોધ્યાની આસપાસ અને ગુજરાત–મેવાડમાં સર્વત્ર દૃષ્ટિ કરતાં તેમને જણાયું કે વૈષ્ણવભકતોમાં વંચકવૃત્તિ અને વિલાસિતાનાં તત્ત્વ વધી ગયાં હતાં. ભક્તિમાં વેવલાઇ આવી ગઇ હતી. પ્રભુના પ્રસાદરૂપે "સર્વ"ના સ્વીકારને બહાને ભોગોપભોગ અને મોહલાલસાને પોષણ મળતું હતું. શ્રીકૃષ્ણ ભગવાનની સેવા અને લીલાને નામે તથા નિવેદન–સમર્પણના ઓથા નીચે ઇન્દ્રિયતર્પણ અને અનાચાર–લીલાની પ્રવૃત્તિ ફાલી રહી હતી. ધર્મક્ષેત્રમાં અને નિત્ય વ્યવહારમાં સદાચાર અને નીતિનું મૂલ્ય ઘટવા માંડયું હતું. અજ્ઞાન અને આળસે પોત પ્રકાશ્યું હતું. ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં સાચી સમજ કરતાં ગેરસમજે અને અંધાનુકરણે વધારે ભાગ ભજવ્યો હતો. હરિ અને હર, શ્રૌત અને સ્માર્ત..... એવા એવા ભેદોએ જીવનમાં સંઘર્ષોને સ્થાન આપ્યું હતું. મોગલાઇના અસ્ત પછી થોડોક સમય ટકી રહેલી પેશવાઇ – મરાઠા સત્તા–ની પણ પડતી થવાથી પરિણામે હિંદુત્વનાં પરિબળોને પણ હાનિ પહોંચી હતી. નાનાં મોટાં ભિન્નભિન્ન રાજયોમાં પણ એકતાના અભાવે અશાંતિ અને અવ્યવસ્થા જામવા લાગી હતી. આ પરિસ્થિતિમાં નીતિ અને સદાચારની સંસ્થાપનાના શુભ હેતુથી સ્વામીનારાયણ સંપ્રદાય સ્થપાયો. ઘણા વિરોધો અને મુસીબતોની વચ્ચે પણ આ સંપ્રદાય પ્રત્યે સામાન્ય જનતાનું

આકર્ષણ થવાનું મુખ્ય કારણ આચાર્યશ્રીનું યોગસંપન્ન વ્યક્તિત્વ અને શુધ્ધ ચારિત્ર્યનું બળ હતું.

આ સંપ્રદાયનું કોઇ નવું તત્ત્વદર્શન ન હતું. તેના સિધ્ધાન્તો અને નિયમો પ્રધાનતઃ ૧૨મા સૈકામાં શેષાવતાર શ્રી રામાનુજાચાર્યજીએ પ્રવર્તાવેલા વિશિષ્ટાદ્વૈતના આધાર પર હતા. જગદ્ગુરુશ્રી શ્રી શંકરાચાર્યના અદ્વૈતના વિકારમાંથી જ્ઞાનની શુષ્કતા આવતાં શ્રી રામાનુજાચાર્યે લોકોના અધિકાર અને સમયને સમજીને ભક્તિધારાને પ્રાધાન્ય આપ્યું હતું; પરંતુ તેમાં કેવળ નિર્ગુણ નિરાકારના પ્રતીક સમા પંચાયતનના તત્ત્વને સ્થાને અથવા તેની સાથે જ લીલાવિગ્રહ વિષ્ણુભગવાનને આરાધ્યપદે સ્થાપ્યા. આમ જગદ્ગુરુના બ્રહ્મનું નિર્ગુણપણું રાખીને પણ તેમણે સગુણ બ્રહ્મની ઉપાસનાનો આદેશ કર્યો. વૈરાગ્યસમેત નિર્ગુણ જ્ઞાનની અનુભૂતિનો અધિકાર બહુજનસમાજ માટે નહોતો. તેથી શ્રી રામાનુજે જ્ઞાન સાથે ભક્તિનું ગૌરવ વધાર્યું. (પાછળથી શ્રીમદ્ વલ્લભાચાર્યે તો જ્ઞાનને તદ્દન ગૌણ અથવા નહીંવત્ બનાવીને વૈષ્ણવસંપ્રદાયમાં નિર્મળ ભક્તિની જ ભાગીરથી વહેવડાવી અને તેનું પ્રેમતત્ત્વથી સવિશેષ સંપોષણ કર્યું, તે સુવિદિત છે). આ વિશિષ્ટાદ્વૈત અને શુધ્ધાદ્વૈત ભક્તિપ્રધાન સંપ્રદાયોમાં શાંકરમતના અવિકૃત બ્રહ્મનો અસ્વીકાર હોવાથી, ममैवांशो जीवलोके ------ ।[१] એ ન્યાયે જીવાત્મા અને પરમાત્માનો સાયુજ્યભાવ (તાદાત્મ્યભાવ નહીં) સ્વીકારાયો છે. તેથી તેમાં દાસ્યભાવની ભક્તિ તથા શરણાગતિ એ જ મુખ્ય સાધનો હોઇ ભગવદ્સેવા એ જ ચરમ મુક્તિનું લક્ષ્ય છે. નારદપંચરાત્રના

---

૧. ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥
(ગીતા : ૧૫, ૭)

પાયા ઉપર રચાયેલો આ ભાગવતધર્મ સગુણ સાકાર પુરુષોત્તમ ભગવાનની ઉપાસનાને આ પર્યંત મહત્ત્વ આપી રહેલ છે. શ્રુતિમાં જયાં ત્યાં નિર્ગુણ નિરાકાર વગેરે પદો આવે છે ત્યાં તેઓશ્રી તે પદોનો અન્વય વિષ્ણુના વિશેષણ તરીકે કરે છે. (શંકરાચાર્યજીએ તો સગુણ અને નિર્ગુણ બંનેની ઉપાસનાનો નિર્દેશ કરીને બધાનો સમન્વય નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાં જ દેખાય છે, એમ પ્રતિપાદન કરેલું છે.) વિશિષ્ટાદ્વૈતમાં આચાર્યશ્રીએ બ્રહ્મને "વિલક્ષણ" કહીને તે વિલક્ષણ બ્રહ્મમાં જ ચિત્ જીવ અને અચિત્ જડ એવા બે ભેદ દર્શાવ્યા છે અને એક જ બ્રહ્મનાં ચિત્ અચિત્ વગેરે સ્વરૂપ હોવાનું જણાવી દર્શાવ્યું છે કે જ્ઞાનમય બ્રહ્મમાં અજ્ઞાન-માયાનું અસ્તિત્વ હોઇ જ ન શકે. વિષ્ણુ ભગવાન પોતે જ જીવ (ચિત્), જગત (અચિત્) અને ઇશ્વર (વિશિષ્ટ જીવ) - ત્રણે ય સ્વરૂપો ધારણ કરે છે. જીવ અણુ જ છે, પણ ઇશ્વર (વિશિષ્ટ જીવ) તો અણુનો ય અણુ અને મહાનનો પણ મહાન હોઇ પ્રકૃતિથી વિશિષ્ટ છે[1]; અને તેને જીવાત્મા ભકિતથી પ્રાપ્ત કરી શકે છે. અહીં કેવલાદ્વૈતનો વિવર્તવાદ કે માયાવાદ નથી પરંતુ "પરિણામવાદ" હોવાથી જગત પ્રકૃતિનું પરિણામ છે અને વાસ્તવિક છે - મિથ્યા નહીં. બીજવૃક્ષન્યાયે જગત અવ્યકતમાંથી વ્યકત થઇ અવ્યકતમાં વિલીન થાય છે. કેવલાદ્વૈતમાં જગતને બ્રહ્મનું દશ્ય સ્વરૂપ કહ્યું છે અને તેમાં જીવબ્રહ્મના ઐકયને મુકિતનું લક્ષણ ગણાવ્યું છે. પરંતુ વિશિષ્ટાદ્વૈતમાં સગુણ બ્રહ્મ જ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ હોઇ તે જ પરમોપાસ્ય છે અને અંતે (મુકિતમાં) બ્રહ્મના ગુણસ્વભાવને પ્રાપ્ત થાય છે.

---

૧. अणोरणीयान् महतो महीयान् ।

આ વિષ્ણુભક્તિની ધારા સૈંકડો વર્ષોમાં જુદા જુદા પ્રવાહો રૂપે છિન્નભિન્ન અને કદીકદી તો વિકૃત સ્વરૂપે વહી રહી હતી. તેને શ્રી સહજાનંદ સ્વામીએ કાળધર્મને અનુસરીને સજીવન કરવાનો પ્રયાસ કર્યો. નવાં નામરૂપથી એ સંપ્રદાય વિકસ્યો અને તેમાં, ઉપર જણાવ્યું તેમ, હજારોની સંખ્યામાં ભક્તજનો ભળ્યા. તેમાં ઉત્સાહ અને આવેશમાં ભળનારા ભળ્યા તો ખરા, પરંતુ તેમની કડક કસોટી થઇ. કારણકે તેમાં ભોગલાલસા અને વિલાસિતા સામે પ્રચંડ પડકાર હતો. "શિક્ષાપત્રી" અને "વચનામૃતો" જેવા આ સંપ્રદાયના ગુરુગ્રંથોનું અવલોકન કરવાથી જણાશે કે, તેમાં "સત્સંગીઓ"ને — સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓને — તલવારની તીક્ષ્ણ ધાર પર ચાલવાનું હતું. તેમનો જીવનપથ ડગલે ને પગલે — પળેપળે — સંયમ નિયમની બરછટ બિછાયતથી છવાયેલો હતો. આચાર વિચારની શુધ્ધિ દ્વારા જ ચિત્તશુધ્ધિ સાધી શકાય છે અને તેથી સત્સંગીનો નાનોમોટો પ્રત્યેક વ્યવહાર વિશુધ્ધિની છાપવાળો હોવાનો આગ્રહ સેવાયો. સદાચાર, ચુસ્ત નીતિબંધનો અને વિધિનિષેધોની વચ્ચે સામાન્ય સત્સંગી તો અકળાઇ ગયો. વ્રત, ઉપવાસ, બ્રહ્મચર્યનું તથા આહાર વિહારમાં પણ કેટલીક મર્યાદાઓનું કડક પાલન..... વગેરે તપસ્વી જીવનના આધારભૂત બન્યાં. સ્ત્રીપુરુષોના મુક્ત સહચારની તો એટલે સુધી મનાઇ કરવામાં આવી હતી કે, સ્વામીનારાયણ પંથના સંત કે ગુરુની કથામાં પણ બે વિભાગ એવીરીતે અલગ પાડવામાં આવ્યા હતા કે કોઇ પુરુષ (વક્તા પણ) કે સ્ત્રી અન્યોન્યનું મુખ પણ જોઇ ન શકે. પ્રારંભમાં તો સ્ત્રીઓની સભામાં પુરુષ વક્તાને પણ કથા કે પ્રવચન કરવાનો સંપૂર્ણ નિષેધ હતો.

આમ એકબાજુથી ધાર્મિક પુનરુત્થાન ઉપરાંત સામાન્ય જીવનમાં પુનઃ પ્રતિષ્ઠા આપવાનો સ્વામીનારાયણસંપ્રદાયનો ભગીરથ પ્રયત્ન હતો; તો બીજી બાજુથી સહજાનંદ સ્વામી પોતે ઉચ્ચકોટિના સમાજસુધારક હતા. ખરું પૂછો તો, પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયના પ્રવર્તક પુરુષો સાચા અર્થમાં સમાજસુધારકો, સંસારસુધારકો હોય છે. સુધારાનો અર્થ પ્રચલિત પરંપરાની જડતાને છોડી કે તેમાં બાંધછોડ કરી નવીન સમાજોપયોગી ચીલો પાડવાની પ્રવૃત્તિ ગણીએ તો પ્રત્યેક મહાનુભાવ અવતાર વિભૂતિઓએ, તેમના પોતાના સમયમાં પ્રવર્તમાન પાખંડ અને અનિષ્ટ તત્ત્વો સામે જેહાદ ઉઠાવી છે અને ક્રાન્તિની કેડી પાડવાનો પુરુષાર્થ આદર્યો છે; એટલું જ નહીં પણ તે માટે તેમને જનતા તરફથી ખૂબ ખૂબ – પ્રાણાંતપર્યંત – સહન કરવું પડયું છે. ઇતિહાસ તેનો સાક્ષી છે. સહજાનંદ સ્વામીને પણ તેમની ધર્મશોધક અને સમાજસુધારક પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવા માટે રૂઢિચુસ્ત લોકોના પ્રકોપના ભોગ થવું પડયું હતું. તે સર્વ પ્રતિકૂળતાઓનો પરમ પ્રસન્નતા અને શાંતિપૂર્વક પ્રતિકાર કરીને પણ તેમણે તેમનું ધર્મકાર્ય – સ્વધર્મરક્ષણનું કાર્ય-સમાજસુધારાની નીકમાં વહાવીને પૂરજોશમાં ચાલુ રાખ્યું. અંગ્રેજોએ સમાજસુધારાનું કાર્ય શરૂ કર્યું ન હતું ત્યારે સ્વામીજીએ, સત્સંગીઓને જડ બની ગયેલા વહેમો અને કુરિવાજોનાં અનિષ્ટોની સરળભાષામાં સમજણ આપી. એમની અમીદૃષ્ટિ અને અંતઃકરણના આર્જવથી આર્દ્ર થયેલી વાણીનો ભવ્ય પ્રભાવ પડતો. દીકરી એટલે પથરો, એમ માનનાર તે વખતના લોકોમાં, જન્મીને માતાના સ્તનનો સ્પર્શ કરે તે પહેલાં જ દીકરીને "દૂધપીતી" કરવાનો રિવાજ દ્દઢમૂલ બન્યો હતો. સ્વામીજીના પ્રબોધથી સત્સંગીઓના સમાજમાંથી તે સદંતર નષ્ટ થયો. સત્સંગીઓનો મોટો ભાગ તો પછાતકોમમાંથી

આવેલો હતો. તેમાં સવાલાખ ઉપરાંત તો કામદાર અને શ્રમજીવી વર્ગના તથા થોડા લોકો વૈશ્યવર્ગના હતા. આમાં ઘણા લોકો જુગાર, જૂઠ, ચોરી અને મદિરાનાં વ્યસનોની નાગચૂડમાં ફસાયા હતા. તેમને સદાચારસંપન્ન નીતિપરાયણ જીવન ગાળતા કરવાનું સંગીન કાર્ય સ્વામીનારાયણે અને તેમના અધિકારી સાધુસ્વામીઓએ કર્યું છે. વાતવાતના ઝઘડા, ક્લેશ, કોર્ટના કાવાદાવા તથા ધર્મ અને યજ્ઞને નામે થતી હિંસા..... વગેરે અનિષ્ટોમાંથી તેમણે સત્સંગીઓને સહજમાં ઉગારી લીધા.

આ સંપ્રદાયમાં રહેલી "શુધ્ધિ"ના આગ્રહની ભાવનાનો અતિરેક અથવા વૈરાગ્ય જેવો આત્યંતિક ભાવ તથા તદાનુષંગિક ધારાધોરણોના પરિપાલન માટેની તીવ્રતા અને અતિચીવટ – વલ્લભસંપ્રદાયના મર્યાદાધર્મમાં રહેલી આભડછેટની આત્યંતિક જડતાની જેમ – ધીમેધીમે અનાકર્ષક બનતી ગઇ અને વીસમી સદીના પ્રારંભમાં તો કેટલેક અંશે સ્વરૂપાન્તરને પણ પામતી ગઇ !

આ સંપ્રદાયમાં શિક્ષિત કેળવાયેલા માણસોએ પણ – ભલે નાની સંખ્યામાં – ભાગ ભજવ્યો છે.[1] વળી સહજાનંદ સ્વામીના સમર્થ શિષ્યો – ભકતો પૈકી પણ નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, મુકતાનંદ, પ્રેમાનંદ સખી, વગેરે સુકવિઓ થયા અને તેમણે પણ પંથના સિધ્ધાન્તોનો તેમનાં તપોમય જીવન અને જ્ઞાનભકિતયુકત પદો દ્વારા સારો વિસ્તાર કર્યો છે. આમ

---

૧. કવિશ્રી દલપતરામ અને તેમના સુપુત્ર કવિવર નાનાલાલ તો આ સંપ્રદાયના રંગે રંગાયેલા હતા. ગાંધીજીના અભ્યાસી અને ગુજરાતના સમર્થ ચિંતક કિશોરલાલ મશરૂવાળાને તો ગળથૂથીમાંથી જ આ સંપ્રદાયના સંસ્કાર મળ્યા હતા. તેમણે તો તટસ્થરીતે અભ્યાસ કરીને "સહજાનંદ સ્વામી"નું વિચારપ્રેરક શૈલીમાં શ્રધ્ધેય જીવનચરિત્ર લખ્યું છે.

૧૯મી સદીમાં પ્રવર્તમાન અનેક પરિબળોની સામે, ગુજરાતમાં સ્વામીનારાયણ સંપ્રદાયની શિષ્ટતાએ અને સંસ્કાર-સાહિત્યની સરવાણીએ ઝઝૂમવા તથા ટકી-ટકાવી રહેવા ઘટિત ફાળો આપ્યો છે.

બ્રહ્મસમાજ :-

૧૮મી સદીના ઉત્તરાર્ધમાં અને તે પછી ૧૯મી સદીમાં પાશ્ચાત્ય કેળવણીનો પ્રભાવ પ્રતિભાશાળી તેજસ્વી તરુણવર્ગ પર એવો પડયો હતો કે, તેમનામાં સુષુપ્ત રહેલી સુધારણા અને શોધનની વૃત્તિ-શકિત સતેજ થઇ ; રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના અંકુરિત થઇ ; એટલું જ નહીં પણ મિશનરીઓની વટાળવૃત્તિ પ્રત્યે પડકાર અને પ્રતિકારની હિંમત આવતાં પોતાના જ સમાજ અને ધર્મમાં ફાલતી જતી વિકૃતિઓનો વિનાશ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત થયું. સંસારસુધારાની આ દિશાનો ઉઘાડ કરનાર વીર બંગાળી નરશાર્દૂલ રાજારામમોહનરાય હતા.

ઇ.સ. ૧૭૭૪માં બ્રાહ્મણકુળમાં વૈષ્ણવ સંપ્રદાયમાં જન્મેલા આ મહાપુરુષે કિશોરવયમાં જ સંસ્કૃત, અરબી, ફારસી વગેરે ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અત્યંત રૂઢ અને જડ બની ગયેલા જ્ઞાતિજાતિવાદથી અને ધર્મક્ષેત્રમાં વ્યાપેલી સંકીર્ણતાથી તેનું દેશહિતચિંતક મન ત્રાસી ગયું હતું. ખ્રિસ્તી પાદરીઓ હિન્દુઓના રીતરિવાજોનો પ્રત્યક્ષ હવાલો આપીને હિંદુ ધર્મ વિરુધ્ધ જે રીતે તિરસ્કારનું વાતાવરણ સર્જી રહયા હતા તેથી તેમનો આત્મા કકળી ઊઠયો હતો. સૌથી પ્રથમ તો તેમણે હિંદુઓના ઘોર અજ્ઞાન સામે જે જેહાદ ઉઠાવી. ૧૬ વર્ષની નાની વયે તો તેમણે મૂર્તિપૂજાનો સબળ સયુકિતક વિરોધ કરતું

પુસ્તક લખ્યું અને સનાતની સમાજમાં ખળભળાટ મચી ગયો. તેમાં ય બંગાળમાં તો રામાનુજ, વલ્લભ અને ચૈતન્ય ગૌડેશ્વરના વૈષ્ણવ સંપ્રદાયોનું ભારે વર્ચસ્વ હતું. આથી વિરોધોની ઝડીઓ વરસવા લાગી. પ્રત્યાઘાતીઓએ તેમનું અને તેમના વિચારોનું નિર્મૂલન કરવા શકય તેટલા પ્રયત્નો કર્યા. પણ આ શાણા, શૂરવીર, ધીર પુરુષના પ્રચંડ પુરુષાર્થની સામે કોઇનું કાંઇ ચાલી શકયું નહીં. આ ધર્માનુરાગી પુરુષની દૃઢ માન્યતા હતી કે ધર્મ વિના દેશોદય શક્ય નથી. ધર્મની વિશુધ્ધિથી જ સમાજનો અને દેશનો ઉત્કર્ષ સાધી શકાય તેમ છે. ધર્મની વિકૃતિથી અથવા અધર્મથી સમાજ અને સંસ્કૃતિનો સદંતર નાશ થાય છે. આવી ધર્મભાવનાથી પ્રેરાઇને આ મહાપુરુષે સડી ગયેલા સમાજનું શોધન કરવા અનેકવિધ પ્રવૃત્તિઓ આદરી.

દેશહિતચિંતક રામમોહનરાયે સતી થવાની પ્રથા બંધ કરવા માટે કાયદો ઘડવામાં અને અંગ્રેજી શિક્ષણને દેશવ્યાપી બનાવવામાં સરકારને સતત પ્રેરણા અને સહાય આપી હતી. મૂર્તિપૂજાના વિરોધમાં એકેશ્વરવાદનો પ્રબોધ-પ્રચાર કરવા તેમણે સૌ પ્રથમ "યુનિટેરિયન સોસાયટી" ઇ.સ. ૧૮૧૨માં તથા ધર્મસુધારણાના આશયથી "આત્મીય સભા" ઇ.સ. ૧૮૧૩માં સ્થાપી હતી. તેમાં અંગ્રેજ પાદરીઓ પણ ભળ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે વિલિયમ એડમ (William Adam) નામનો અગ્રણી પાદરી, રામમોહનરાયને વટલાવવા જતાં પોતે જ વટલાઇ ગયો અને તેમનાથી પ્રભાવિત થઇને યુનિટેરિયન સોસાયટીમાં જોડાઇ ગયો. દર શનિવારે ભરાતી આ સંસ્થામાં વેદાધ્યયન થતું. ૨૦-૮-૧૮૨૮ ના રોજ ભરાયેલી આ સંસ્થાની પ્રથમ સભાએ બે વર્ષમાં તો એવો અદ્‌ભુત વિકાસ સાધ્યો કે તેમાંથી ૨૩ જાન્યુઆરી ૧૮૩૦ ના રોજ "બ્રહ્મસમાજ" નામની સંસ્થાનો

જન્મ થયો. બંગાળીમાં "અ-આ"નો "ઓ" જેવો વિવૃત ઉચ્ચાર થતો હોવાને લીધે બ્રહ્મોસમાજ તરીકે ઓળખાતી "બ્રહ્મસમાજ"ની આ સંસ્થાએ, તેના પ્રવર્તક મહાપુરુષની ધગશ તથા કાર્યનિષ્ઠાને લીધે, ધીમે ધીમે વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું. તેને "બ્રાહ્મધર્મ"નું પણ ઉપનામ મળ્યું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર પણ ૧૮૪૩માં આ સંસ્થા સાથે જોડાયા, એટલું જ નહીં પણ "બ્રાહ્મધર્મ" નામનું સંસ્થાના મુખ્ય ઉદ્દેશો અને સિધ્ધાંતોને સંક્ષેપમાં સમજાવતું પુસ્તક પણ તેમણે રચી પ્રકાશમાં આણ્યું. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવી પ્રતિભાશાળી વ્યકિતઓ પણ તેમાં ભળી હતી.

સંસ્થા પ્રતિષ્ઠાની ટોચે પહોંચવા આવી અને બંગાળથી દૂરદૂર મુંબઇ-મદ્રાસ સુધીના પ્રાન્તો પર્યંત પ્રચાર પામી ત્યારે ૧૮૬૫માં શ્રી કેશવચંદ્ર સેન જેવા પ્રખર તીવ્ર ઉગ્ર સુધારકનો તેને સક્રિય સાથ મળ્યો. તે પહેલાં "બ્રહ્મસમાજ" ધર્મસુધારણા પૂરતો મર્યાદિત હતો તે હવે સમાજસુધારણા પ્રતિ પણ વળ્યો. તેનું આ વલણ ઘણા સભ્યોને ગમ્યું ન હતું. તેથી ઇતિહાસકારો તો તેની ત્રણ ભૂમિકાઓ નોંધે છે કે, સૌથી શરૂઆતનો આદિબ્રહ્મસમાજ, પછીનો સુધારક બ્રહ્મસમાજ અને શ્રી કેશવચંદ્ર સેનના અવસાન પછીનો – ૧૮૮૪ પછીનો – સાર્વજનિક અથવા સાધારણ બ્રહ્મસમાજ – એ રીતે પ્રચલિત હતો. મધ્યમ ભૂમિકામાં તેની ઉગ્રતા, તીવ્રતા અને જુસ્સો અસાધારણ હતાં.

બ્રહ્મસમાજનો મુખ્ય સિધ્ધાંત એકેશ્વરવાદનો હતો. એનું મૂળ બીજ તો ઉપનિષદ્‌માં જ રહેલું છે. વેદોપનિષદે नेति नेति વદીને વર્ણવેલું બ્રહ્મતત્ત્વ તો નિરંજન નિરાકાર જ છે. પણ અમૂર્ત તત્ત્વની આરાધના થાય કઇ રીતે ? નિર્ગુણ બ્રહ્મની ઉપાસના

કરવી કેવી રીતે ? માટે સગુણ બ્રહ્મનો સ્વીકાર કરીને તેમાં પ્રાર્થનાતત્ત્વના અને માનવજાતિની સેવાના ક્રમનો સમાવેશ કર્યો. બ્રહ્મને નિર્વિકાર નિરાકાર છતાં સગુણ તરીકે સ્વીકારવાનો સિધ્ધાંત સાચો છતાં વિચિત્ર અને વદતોવ્યાઘાત જેવો લાગે ! કારણકે મૂર્તિપૂજાના સદંતર બહિષ્કાર ઉપર જ આ સમાજના પ્રવર્તકોએ વિચારવિસ્તાર કર્યો છે. સૃષ્ટિના સર્જન પહેલાં एकमेवाद्वितीयं ब्रह्म જ હતું. અને એ સનાતન સર્વવ્યાપી અદ્વિતીય અતર્ક્ય અનાદિ અને અનંત જ્ઞાનશક્તિસ્વરૂપ બ્રહ્મમાંથી જ વિરાટ વિશ્વનું પ્રાકટ્ય થયું છે. અન્ય કોઇ તત્ત્વ કે દેવ-દેવી વગેરેની ભાવનાના નિરસનપૂર્વક એક પરમબ્રહ્મની જ ભક્તિભાવપૂર્વક ઉપાસના કરવાથી માનવી પોતાનું પરમ શ્રેય સાધી શકે છે. આ બ્રહ્મોપાસનાના સાધ્યને અનુલક્ષીને Fatherhood of God and Brotherhood of Man નો ખ્રિસ્તીધર્મનો પ્રચલિત - "પ્રભુનું પિતૃત્વ તથા મનુષ્યનું બંધુત્વ"નો - સિધ્ધાંત અને તેને પામવા માટે ભિન્નભિન્ન રીતે પ્રવર્તતા ભેદભાવોના પરિત્યાગપૂર્વક માનવજાતિની સેવાનો સિધ્ધાંત - સાધનરૂપ સિધ્ધાંત-સ્વીકારેલો છે. આ મૂળ વિચારના પાયા પર બ્રહ્મસમાજના નેતાઓએ બંધુતાની ભાવનાના પ્રસ્તારમાં પ્રતિબંધક નીવડતા હિંદુઓમાં પ્રચલિત અનેકવિધ રીતરિવાજો અને પ્રણાલિકાઓનો પ્રતિરોધ કર્યો. તેમાં મૂર્તિપૂજાનિષેધને ધર્મસુધારણાનું મુખ્ય નિશાન બનાવ્યું અને બાળલગ્નનિષેધ, વિધવાવિવાહ, સ્પર્શાસ્પર્શ નિવારણ, જ્ઞાતિભેદ નિવારણ..... વગેરે પ્રશ્નોને સમાજસુધારણાની પ્રવૃત્તિઓમાં સ્થાન આપ્યું.

તેમની આ પ્રવૃત્તિ પ્રથમ જોરદાર અને વ્યાપક બની અને પછીથી કેમ શિથિલ અથવા નષ્ટપ્રાય બનતી ગઇ, તેનો ટૂંકમાં

વિચાર કરવાની જરૂર છે. ધાર્મિક સુધારણાનો વિચાર કરીએ તો સૌથી પહેલી જ પાયાની બાબત ધ્યાન ખેંચે છે, અને તે છે વેદોના કર્તૃત્વ વિશેની આ સમાજની માન્યતા. હજારો વર્ષોથી સિધ્ધાંત અને પ્રણાલીરૂપે નસનસમાં વ્યાપી ગયેલી, "વેદો ઇશ્વરપ્રણીત છે" એ વાસ્તવભાવનાનો બ્રહ્મસમાજે અસ્વીકાર કર્યો. હિંદુધર્મને તેના ઉદાત્ત ઉજ્જવળ શુધ્ધ સનાતન સ્વરૂપમાં પ્રકાશિત કરવાનો તેમનો શુભ આશય હોવા છતાં આ મુદ્દા પર તેઓ વધુ પડતા ઉદ્દામ હતા, એમ કહીએ તો તેમાં જરા ય ખોટું નથી. કારણકે, આ વિચાર જ સર્વ વાદ-સંપ્રદાયોને અનુસરનારા મોટાભાગના હિંદુઓના હ્રદય પર આઘાતરૂપ હતો. ત્યારપછી, તેમનો મૂર્તિપૂજાનો નિષેધ એટલો બધો તીવ્ર સ્વરૂપનો હતો કે બ્રહ્મસમાજના સભ્યોની વર્તણૂક જ આ બાબતમાં તેમના સિધ્ધાંત સાથેની વિસંગતિના સંદેહને સ્થાન આપતી હતી. તેઓએ પોતે જ કોઇ દેવદેવીની મૂર્તિ વિનાનું ઉપાસનામંદિર બનાવ્યું હતું. તેમાં તેમની નક્કી કરેલી પધ્ધતિ પ્રમાણે "એક પરમાત્મા (!)"ની પ્રાર્થના-ઉપાસનાનો તથા તદર્થે ઉપદેશ-પ્રવચન વગેરેનો વિધિ રાખ્યો હતો. હાર્દિક અથવા નૈતિક વિકાસમાં ઉપકારક મનાયેલા સર્વસામાન્ય સદ્‌ગુણો અને સદાચાર વિશેની તથા જ્ઞાતિજાતિ વગેરેના ભેદભાવ વિનાની પારસ્પરિક એકતા વિશેની ચર્ચાવિચારણાનો તેમાં મુખ્ય કાર્યક્રમ હતો. આ બાબતમાં સભાની રીતિનીતિ, ચર્ચાવિચારણાની પધ્ધતિ, તેમાં ઉપયોગમાં લેવામાં આવતાં પ્રાર્થના-સ્તવનોનાં ગીતો અને Fatherhood of God and Brotherhood of Man ના આદર્શ પ્રત્યેની વિશેષાનુરક્તિ..... વગેરેમાં હિંદુત્વના અભિમાન કરતાં ખ્રિસ્તીઓના અનુકરણનો વિશેષ પડઘો પડતો જણાતો હતો. મૂર્તિપૂજાના સિધ્ધાંતની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે. પરંતુ તે વિષયમાં બ્રહ્મસમાજિષ્ટોએ કેવળ ખંડનાત્મક વૃત્તિ ધારણ કરી હતી, એમ કહેવાને જરાયે હરકત નથી.

તે જ રીતે તેઓનું સમાજસુધારણાનું કાર્ય, તે સમયની હિંદુસમાજની અવનતિ તરફની ગતિ જોતાં, પ્રશંસનીય હતું. પરંતુ તેમાં ય તેમનો અભિગમ મુખ્યત્વે ખંડનાત્મક હતો. દા.ત. જ્ઞાતિ-જાતિભેદ તોડવાના લક્ષ્યને બ્રહ્મસમાજિષ્ટોએ એટલું બધું મહત્ત્વ આપ્યું હતું કે, સંસ્થામાં પ્રવેશ પામનાર સભાસદોને પાંઉરોટીના ટૂકડા ફરજિયાત વહેંચવામાં અને ખવડાવવામાં આવતા, એટલું જ નહીં પણ પ્રસંગોપાત્ત સહભોજનના કાર્યક્રમો (અલબત્ત ખાનગીમાં) રાખવામાં આવતા.[1]

વળી, કેશવચંદ્ર સેનના ચરિત્રમાંથી બે વાતો મળી આવે છે. (૧) કુચબિહારના રાજા સાથે પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે, કેશવચંદ્રે તમામ લગ્નવિધિ પ્રાચીન પધ્ધતિથી - સનાતનીની જેમ - કરી અને "બ્રહ્મસમાજ"માં પ્રવેશ વખતે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કર્યું નહીં. તે જ પ્રમાણે બીજા કેટલાક સુધારક બ્રહ્મસમાજિષ્ટો પણ પ્રસંગ આવે બ્રહ્મસમાજના સિધ્ધાન્ત વિરુધ્ધ વર્તન કરતા. એટલે કે તેમાંના ઘણાને ઊંડે ઊંડે જ્ઞાતિજનોની પ્રીતિ સંભાળી રાખવાની દરકાર હતી. (૨) કેશવચંદ્ર સેન સ્વભાવે ભકતહૃદય હતા. એકેશ્વરની ઉપાસનાના આગ્રહી સેનબંધુ સામૂહિક ભજનકીર્તનમાં સામેલ થઇને નિરાળી મસ્તી અનુભવતા. તેમનો રામકૃષ્ણ પરમહંસ સાથે સમાગમ થયો હતો. ધીમેધીમે તેમને પરમહંસના સામર્થ્યનું ભાન થવા માંડયું હતું. હજુ તો શરૂઆત જ હતી. પરંતુ પ્રારબ્ધયોગે સેનબંધુ એ સમાગમ પછી લાંબું જીવ્યા નહીં. એમ માની શકાય કે, તેઓ જો વધુ જીવ્યા હોત તો રામકૃષ્ણ પરમહંસના પ્રભાવની વધુ ગાઢી અસર નીચે આવત અને "બ્રહ્મસમાજ"ને તેઓ બીજો જ રંગ આપી શકયા હોત.

---

૧. આજના સમયમાં તો સહભોજન સ્વાભાવિક અને પ્રાગતિક કાર્યક્રમ છે. પરંતુ સો-સવાસો વર્ષ પહેલાંના સમાજનો અને વાતાવરણનો વિચાર કરતાં, બ્રહ્મસમાજનું આ પગલું પ્રશસ્ય કહેવું કે ભંજકવૃત્તિનું કહેવું, એ વિવાદાસ્પદ પ્રશ્ન છે !

## પ્રાર્થનાસમાજ :-

આપણે આગળ નિર્દેશ કરી ગયા તેમ બ્રહ્મસમાજની પ્રવૃત્તિઓના પડઘા પશ્ચિમ ભારતમાં ગુજરાતમાં અને દૂર દૂર મહારાષ્ટ્ર સુધી પડ્યા હતા. મહારાષ્ટ્રમાં ડો. રામકૃષ્ણ ભાંડારકર અને જસ્ટીસ રાનડે જેવી અગ્રેસર વિદ્વાન વ્યક્તિઓના દિલમાં દેશ-કલ્યાણની દૃષ્ટિથી, બ્રહ્મસમાજની સુધારાપ્રવૃત્તિ જેવી કંઇક હિલચાલ કરવાનો ઉત્સાહ ઉભરાયો. સત્ય અને સદાચારના પાલનપૂર્વક, એક ઇશ્વરની પ્રાર્થના કરવાનો તથા તેને આનુષંગિક સમાજના ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓ કરવાનો કાર્યક્રમ તેમને ગમી ગયો. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર જયારે બંગાળથી મુંબઇ આવ્યા ત્યારે ઉપરોક્ત વિદ્વાનોનો અને રામબાલકૃષ્ણ જેવા કેળવણી પામેલા દક્ષિણી અગ્રેસરોનો ઇશ્વરચંદ્ર સાથે સમાગમ-સત્સંગ થયો. બ્રાહ્મધર્મ વિશે તેઓએ પૂરતી માહિતી મેળવી લીધી, ચર્ચા-વિચારણા કરી અને આખરે તેમાંથી "પરમહંસ સભા" નામની નાનકડી સંસ્થા જન્મી. ૧૮૬૪માં કેશવચંદ્ર સેન મુંબઇથી મદ્રાસ ગયા હતા અને ત્યાં તેમનાં પ્રવચનોને લીધે "વેદસમાજ" નામની સંસ્થા સ્થપાઈ હતી. મુંબઇ-મદ્રાસમાં આ પ્રકારનાં નાનાં નાનાં મંડળોની પ્રવૃત્તિઓનો ઝોક મુખ્યત્વે વિધવાવિવાહ, કન્યાકેળવણી, જ્ઞાતિભેદ-નિવારણ, આંતરજાતીય ભોજન અને આંતરજાતીય લગ્ન, રાત્રિશાળાઓ, અનાથાશ્રમ વગેરે સામાજિક સુધારણા તરફ જ હતો. તેમાં મૂર્તિપૂજાના વિરોધનો સૂર સતત કાયમ રહેતો. આ લોકોએ એકતા સાધીને વિચારવિનિમય કરતાં એવો નિર્ણય કર્યો કે સમાજસુધારાને ગૌણ સ્થાન આપીને એકેશ્વરવાદના આધાર પર કેવળ પારલૌકિક શ્રેયના ધ્યેય પર સર્વનું ધ્યાન કેન્દ્રિત કરવું. એ ઉદ્દેશથી તેઓએ ૩૧ માર્ચ ૧૮૬૭માં મુંબઇમાં "બ્રહ્મસમાજ" નહીં પણ મુખ્યત્વે બંગાળના બ્રહ્મસમાજની પ્રતિચ્છાયારૂપ "પ્રાર્થનાસમાજ" નામની સંસ્થાની શરૂઆત કરી.

પ્રાર્થનાસમાજના આશ્રયે દર રવિવારે મળતી સાપ્તાહિક સભાઓનો આરંભ અને અંત નિરાકાર એકેશ્વરવાદી પ્રાર્થના અને સ્તોત્રથી થતો. આવી પ્રાર્થનામાં પાપવિમોચન, પશ્ચાત્તાપ, ક્ષમાપન અને સત્કર્મપરાયણતાની અભીપ્સા, તથા ભાવોદ્‌ગાર સહ – મધ્યસ્થી ગુરુ-મૂર્તિ માધ્યમની સહાય્ય વિના – પરમાત્મચિંતન કરવામાં આવતું. વર્ણભેદ નિવારણ અને સહભોજન જેવાં ગુર્જરપ્રજાના જડ-રૂઢિગ્રસ્ત માનસને અસહ્ય આઘાત લગાડે એવા સામાજિક સુધારણાના આત્યંતિક કાર્યક્રમોનું સહેતુક આયોજન મુલત્વી રાખીને "પ્રાર્થનાસમાજ"ના સભાસદોએ ભક્તિતત્ત્વ પર ભાર મૂકવા માંડયો હતો. મુંબઇ ઉપરાંત સુરત, અમદાવાદ વગેરે શહેરોમાં પણ પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિ પ્રારંભ પામી. આરંભમાં જેમ મુંબઇમાં "પરમહંસ મંડળી" સ્થપાઇ હતી તેમ સુરત અને અમદાવાદમાં પણ, પ્રાર્થનાસમાજની સ્થાપના પૂર્વે, અનુક્રમે "માનવધર્મસભા" (૧૮૪૪) અને "ધર્મસભા" (૧૮૫૭-૫૮) સ્થપાઇ હતી. સુરતની માનવધર્મસભા દાદોબા પાંડુરંગ, દુર્ગારામ મંછારામ, દાદાભાઇ બરજોરજી વગેરે સુધારકોના ભગીરથ પ્રયત્નોને આભારી હતી. આ પ્રવૃત્તિમાં કવિ નર્મદાશંકરનો અપ્રતિમ ઉત્સાહ અને પુરુષાર્થ પણ કારણભૂત હતો. તેમણે તો ૧૮૬૪માં "બ્રાહ્મધર્મ" ગ્રંથનું ભાષાંતર પ્રસિધ્ધ કર્યું હતું એટલું જ નહીં પણ સુધારા વિષયક જ્ઞાનચર્ચા માટે મુંબઇમાં સ્થપાયેલી "બુધ્ધિવર્ધક સભા (૧૮૫૧)"ની સમાંતર તેમણે ધર્મવિષયક ચર્ચા માટે "તત્ત્વશોધક સભા" ૧૮૬૦માં સ્થાપી હતી.

અમદાવાદમાં "ધર્મસભા"ના અને પછીથી "પ્રાર્થનાસમાજ"ના પ્રમુખ પુરસ્કર્તાઓ શ્રી રણછોડલાલ ઉદયરામ, શ્રી ભોળાનાથ સારાભાઇ, શ્રી રણછોડલાલ છોટાલાલ, અને પાછળથી શ્રી મહીપતરામ રૂપરામ, શ્રી લાલશંકર ઉમિયાશંકર વગેરે હતા.

શ્રી ભોળાનાથ તો ચુસ્ત સનાતની મૂર્તિપૂજકમાંથી એકેશ્વરવાદી - અમૂર્તના અનન્ય ઉપાસક-બન્યા. એ અસાધારણ માનસ-પરિવર્તન કહી શકાય. ૧૮૭૦ સુધી "ધર્મસભા"માં ભક્તિનો-ભજનોનો ક્રમ અને થોડી ચર્ચા સિવાય અન્ય કંઇ નોંધપાત્ર થતું નહતું. આથી સંસ્કારી સુશિક્ષિત પ્રગતિશીલ માનસ ધરાવતા ભોળાનાથભાઇએ "ધર્મસભા"માં જવાનું બંધ કર્યું - પરિણામે "સભા" અસ્ત પામી ! તેને સ્થાને શ્રી ભોળાનાથભાઇ, શ્રી મહીપતરામ જેવા અગ્રેસરોએ એકેશ્વરોપાસનાની સામૂહિક પ્રવૃત્તિ તથા સદાચારપૂર્વકની માનસિક ભક્તિ દ્વારા ધર્મોધ્ધાર કરવાના શુભ ઉદ્દેશથી ૧૭-૧૨-૧૮૭૧ના રોજ અમદાવાદમાં ટ્રેનિંગ કૉલેજમાં "પ્રાર્થનાસમાજ"ની સ્થાપના કરી. આ સમાજના અગ્રેસરોએ સામૂહિક રીતે કરવાનાં પ્રાર્થના-- સ્તોત્રોમાં સંતો અને ભકતોનાં પસંદ કરેલા પદોનો પણ સમાવેશ કર્યો હતો. વળી, મૂર્તિપૂજાના નિષેધના સિધ્ધાંતનો સ્વીકાર કરવા છતાં તેના સભાસદોએ વિવાહાદિ પ્રસંગોએ ક્રિયાવિધિ કરવા - કરાવવાના વિકલ્પનો માર્ગ મોકળો રાખ્યો હતો. આથી "બ્રહ્મસમાજ"ની પેઠે "પ્રાર્થનાસમાજ" તરફ હિંદુજનતાનો સંપૂર્ણ રીતનો અનાદર કે તિરસ્કારનો ભાવ ન હતો. એટલે ધીમે ધીમે એ અદ્દશ્ય થતો ગયો એમ કહેવા કરતાં નવીન સુધારક વર્ગને પૂરતા પ્રમાણમાં પાથેય-પોષણ પૂરું પાડતો ગયો એટલું જ નહીં પણ દૂરદૂર છેડા પર ઘસડાઇ જતા સુધારક-સમુદાયની ઉગ્રતા અને ઉદ્દામતા પર કેટલેક અંશે અંકુશરૂપ પણ નીવડ્યો. આથી ગુજરાતમાં તે વખતના ઘણાખરા સુધારકોમાં પ્રાર્થનાસમાજના સદ્પ્રવાહોની અસર પ્રચ્છન્ન કે પ્રકટ રૂપે થયેલી જોવા મળે છે.

"પ્રાર્થનાસમાજ"ના પ્રમુખપદે શ્રીમન્નૃસિંહાચાર્યજી :-

સુરતમાં આ સમયે "પ્રાર્થનાસમાજ"ની સ્થાપના થઇ ન હતી. શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ હજુ સ્થપાયો ન હતો તે પૂર્વે તારુણ્યતટે આવી ઊભેલા શ્રી નરસિંહરામ દુર્લભરામ યાજ્ઞિક (ત્યારપછીથી "શ્રીમન્નૃસિંહાચાર્ય" નામે જ પ્રખ્યાત થયેલા) સુરતમાં થોડો સમય નોકરી નિમિત્તે આવી વસ્યા હતા. તેમના સુરતનિવાસકાળ દરમ્યાન, વિવિધ પ્રસંગોએ, તેમનું વિલક્ષણ કોટિનું જ્ઞાનૈશ્વર્ય પ્રચ્છન્ન રહી શકાતું નહીં. તેમની મનોહર વાણી, વિચારોને અસ્ખલિત ધારામાં રજૂ કરતી વખતે પ્રકટ થતો અગાધ જ્ઞાનરાશિ, અસાધારણ બુધ્ધિવૈભવ, તર્કયુક્તિપૂર્વક ગહન વિષયને સરળતાથી સમજાવવાની શૈલી.... વગેરેથી - પરિમલપૂર્ણ પુષ્પના પ્રતિ મધુકરો આકર્ષાય તેમ - તેમના પ્રતિ માણેકલાલ મલ્હારજી, પ્રભુરામ તુળજારામ ભટ્ટ, મોતીશંકર બાળશંકર, રા.સા. કેશવલાલ બ્રીજલાલ વગેરે અનેક વિદ્યાસંસ્કારસંપન્ન સજ્જનો અને અધિકારીઓ આકર્ષાયા હતા. તે સમયે તો તેઓ બધા નરસિંહરામ સાથે ઉપલા સ્તરની છતાં સૂક્ષ્મ કહી શકાય એવી ધાર્મિક બાબતોની ચર્ચા કરતા અને પ્રશ્નો પૂછી સમાધાન મેળવતા. શ્રેયસ્સાધક વર્ગ સ્થપાયા પછી જે ઉચ્ચ કોટિની યોગ અને તત્ત્વચિંતનનાં ગૂઢ રહસ્યોની બાબતો ચર્ચાઇ છે, તેનો આ સમયે હજુ આરંભ થયો ન હતો. આ મિત્રમંડળમાં દેશની ઉન્નતિના પ્રશ્નો પણ કદીકદી ચર્ચાતા હતા. ત્યાં મિત્રોએ, મુંબઇ-અમદાવાદમાં સામૂહિક પ્રભુપ્રાર્થના દ્વારા જનકલ્યાણની પ્રવૃત્તિ ચલાવતી "પ્રાર્થનાસમાજ" જેવી સંસ્થા સુરતમાં પણ કાઢવાનો પ્રસ્તાવ મૂકયો અને તેમના સંમાન્ય નેતા શ્રી નરસિંહરામની અનુમતિ માગી. પ્રાર્થનાસમાજના કેટલાક મુદ્દાઓ સાથે પોતે સહમત ન હોવા છતાં - એ મુદ્દાઓને બાજુએ રાખીને - ઇશ્વરાભિમુખ થવાની પ્રાર્થનાપ્રવૃત્તિને સંમતિ આપી..... અને સુરતમાં "પ્રાર્થનાસમાજ"ની સ્વતંત્ર (મુંબઇ

અમદાવાદના પ્રાર્થનાસમાજ સાથે સંબંધ નહીં ધરાવતી ) સંસ્થા શરૂ થઇ. આપોઆપ જ સૌએ સદ્‌ભાવનાપૂર્વક શ્રી નરસિંહરામને સમાજના પ્રમુખપદે સ્થાપ્યા અને સર્વસુકાન તેમને સોંપ્યું. આમ સહજમાં નાનકડા મિત્રમંડળમાંથી જ "નરસિંહરામ"ને આચાર્યપદની ઉપાધિ લાગી.... અને સૌ કોઇ તેમને "આચાર્ય" અથવા "નરસિંહાચાર્ય" નામથી સંબોધવા કે તેમનો ઉલ્લેખ કરવા લાગ્યા. પ્રાર્થનાસમાજના આ નાનકડા વ્યાસમંચ પરથી શ્રી નૃસિંહાચાર્ય દર રવિવારે સાંજે, શ્રુતિસ્મૃતિ પ્રતિપાદિત સનાતન ધર્મનાં ગૂઢ રહસ્યોનો વિલક્ષણ પધ્ધતિથી પ્રતિબોધ કરતા અને સહૃદય શ્રોતાઓનાં મન તથા હૃદયને જ્ઞાન અને આનંદનો અનુભવ કરાવતા.

તે સમયના (ઇ.સ. ૧૮૭૩) ખંભાતના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ રા.સા.મોતીશંકર લાલશંકરના તથા રા.પ્રભુરામ તુળજારામ ભટ્ટના પત્રોમાંથી આ બાબતમાં ચોક્કસ માહિતી મળે છે. તે પત્રોને અહીં ઉધૃત કરવામાં આવ્યા છે.

(૧) રા.સા.મોતીશંકર લાલશંકરનો પત્ર

"સન ૧૮૭૩ના સાલમાં હમારા સર્વના એકત્ર વિચારથી પ્રાર્થનાસમાજ કાઢવામાં આવી હતી. એ સમાજ ખપાટીઆ ચકલા ઉપર લાલચંદ વેરાગીના સામા પોતાના સગાના મકાનમાં દર રવિવારે સાંજના મળતી હતી. સમાજનું આચાર્યપદ પોતાશ્રીને હમોએ આપ્યું હતું. તેઓ દર રવિવારે ધર્મ ઉપર વ્યાખ્યાનો આપતા હતા. તેઓની તે વખતે પણ વ્યાખ્યાન આપવાની શક્તિ એવી સાદી, સરળ, મીઠાશવાળી ને ઉત્કૃષ્ટ હતી કે તે હમને ઘણી પ્રિય અને મધુરી લાગતી, તેમ બીજા બહારના માણસોને પણ લાગતી. તેને લીધે સમાજ દર રવિવારે ચીકાર ભરાઇ જતો. તેઓની વ્યાખ્યાન આપવાની શક્તિ ઘણી ઊંચી હતી. તે આપતી વખતે તેઓની મુખમુદ્રા ઉપર ગંભીરાઇની અને શાંત પ્રકૃતિની એવી

છાપ પડી રહેતી કે પોતાના આચાર્યપદને શોભાવતી હતી, અને તેઓ સંસ્કારી મહાપુરુષ હોય એમ ભાસતું હતું. પોતાનાં જ્ઞાન અને કાવ્યશક્તિને લીધે વખતોવખત નવાં પદો તૈયાર કરી લાવતા. તે સઘળાં બ્રહ્મજ્ઞાનસંબંધીનાં હતાં. તેઓ ઉદરપોષણ માટે નોકરી કરતા હતા, પણ તેઓનો ચહેરો હંમેશ વિચારશીલ અને બ્રહ્મજ્ઞાનમાં તદ્દન તલ્લીન રહેતો એમ લાગતું.[1]

(૨) રા. પ્રભુરામ તુળજારામ ભટ્ટનો પત્ર

"જગતનું કલ્યાણ થાય એવું કંઇ પણ મહાભારત કામ ઉઠાવવાનો વિચાર શ્રીનૃસિંહાચાર્યજી તરફથી ઉત્પન્ન થયો, અને તેના બીજરૂપ એક પ્રાર્થનાસમાજ સર્વની ઇચ્છાથી આશરે તેઓની ૨૦ વર્ષની ઉમ્મરે સુરતમાં સ્થાપી અને તેના "આચાર્ય" હમો મિત્રમંડળે શ્રીમન્નૃસિંહાચાર્યજીને જ ઠરાવ્યા."[2]

શ્રીમન્નૃસિંહાચાર્યજીની આ પ્રવૃત્તિ સંબંધી વિશેષ હકીકત પ્રકરણ ૨ માં ચર્ચવામાં આવશે. અહીં તો એટલું જ કહેવું ઇષ્ટ છે કે સ્વતંત્ર ધર્મ કે ધાર્મિક સંપ્રદાય તરીકે પોતાનું અસ્તિત્વ અને પોતાનો પ્રભાવ ટકાવી નહીં શકનાર પ્રાર્થનાસમાજનું મર્યાદિત મૂલ્ય પણ – ઐતિહાસિક દષ્ટિએ – આંકવું જોઇએ :

શ્રી ધીરુભાઇ ઠાકર આ અંગે નોંધે છે,

"પ્રાર્થનાસમાજ સામાન્ય પ્રજાનો વિશ્વાસ છેવટ લગી સંપાદન કરી શકી નહિ તેનાં ચાર પાંચ કારણો છે. (૧) તેના અગ્રણી કાર્યકર્તાઓનાં પોષાક, રીતભાત ઇત્યાદિ અંગ્રેજી ઢબનાં

---

૧. "મહાકાલ" સંવત્ ૧૯૬૧, અંક ૪ : શ્રી વિશ્વવંદ્ય : "શ્રીનૃસિંહલીલામૃત" પૃ. ૧૦૦

૨. એજન

હતાં. તેમનું માનસ સરકારી અમલદારના જેવું અતડું પણ ખરું. પ્રાર્થનાસમાજીઓ સામુદાયિક પ્રાર્થના સારુ રવિવારે એકઠા થતા. આ રીતે પ્રાર્થના કરવા એકઠા થવું એ હિંદુધર્મકર્મની પરંપરામાં નથી. એટલે પ્રાર્થનાસમાજની આ પ્રવૃત્તિ સ્વધર્મીઓને આકર્ષવાને બદલે શંકાસ્પદ બની રહી. તેમને વિશે કહેવાવા લાગ્યું કે, "પ્રાર્થનાસમાજીઓ એક પ્રકારનો ખ્રિસ્તી ધર્મ જ પાળે છે, પણ ન્યાતજાતથી જુદા પડવાની બીકે ખુલ્લી રીતે ખ્રિસ્તીધર્મ સ્વીકારવાની હિંમત દાખવી શકતા નથી તેથી આ પ્રમાણે કરે છે". (૨) અમદાવાદ પ્રાર્થના સમાજના કાર્યકર્તાઓ વિદ્વાન વિચારકો હતા, દેશહિતચિન્તક હતા તેમ બુધ્ધિવાદી અને વ્યકિતસ્વાતંત્ર્યવાદી હતા. પણ ધર્મલાગણીની ઉત્કટતા ને ઉગ્રતા, જેના વેગથી ધર્મ પ્રચાર પામે છે તે એમનામાં નહોતી. બ્રહ્મસમાજની માફક પ્રાર્થનાસમાજે "મિશનરી" પ્રવૃત્તિ હાથ ધરી હોવા છતાં તેનું કશું ફલ આવી શક્યું નહિ તેનું કારણ આ છે. (૩) પ્રાર્થનાસમાજીઓ સમાજસુધારકો પણ હતા તેથી રૂઢિચુસ્ત જનસમાજને તેની પ્રત્યે ઝડપથી પૂર્વગ્રહ બંધાઇ ગયો. (૪) તેની પુરોગામી "ભકિત સભા"એ કર્યું હતું તેમ પ્રચલિત ભજનો દ્વારા લોકોની ભકિતભાવનાને જાગ્રત કરવાને બદલે, તેમાંથી વિષ્ણુ, માધવ, કેશવ, આદિ સાકાર ઈશ્વરનાં નામો દૂર કરીને, સમાજે એવી પ્રાર્થનાઓ ગવરાવવા માંડી કે જેના ઢાળ પણ પ્રચલિત ભજનોના ઢાળથી જુદા હતા. આ વસ્તુ પણ પ્રાર્થનાસમાજના પ્રચારને કેટલેક અંશે અવરોધક હતી. (૫) હિંદુધર્મનું વર્ચસ્વ સામાન્ય લોકો ઉપર હજુ પણ પહેલાંના જેટલું જ હતું. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે કે ગુજરાતમાં ધાર્મિક નવવિધાન પ્રાર્થનાસમાજે કર્યું.[૧] પરંતુ ઉપર્યુકત કારણોસર

---

૧. જુઓ "અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય" પૃ.૫૪

પ્રજા ઉપર પ્રાર્થનાસમાજની અસર એટલા વ્યાપક અને ઊંડા પ્રમાણમાં થઇ નહોતી એટલે તેને માટે એમ કહી શકાશે નહિ. ખરું જોતાં ગુજરાતમાં પ્રાચીન પરંપરાની ધર્મભાવનાનું પુનર્વિધાન તો છેક ૧૮૦૦ની સાલથી સ્વામીનારાયણે શરૂ કરી દીધું હતું.

આમ છતાં પ્રાર્થનાસમાજ ખ્રિસ્તીધર્મ અને સંસ્કૃતિના આક્રમણના પ્રત્યાઘાત રૂપે પશ્ચિમ ભારતમાં ઉદ્ભવ પામેલું વિશિષ્ટ સાંસ્કારિક આંદોલન છે તેની કોઇ ના પાડી શકશે નહિ. પૂર્વ નર્મદની ઉચ્છેદક પ્રવૃત્તિ પછી શિક્ષિત ગુજરાતી સમાજમાં ધર્મ-તત્ત્વની નવીન વિચારણા પ્રાર્થનાસમાજથી શરૂ થઇ તેમાં કોઇ શંકા નથી."[૧]

સુધારણા-પ્રવૃત્તિ :-

ઉપર સૂચવ્યા પ્રમાણે ગુજરાતમાં સુધારકપ્રવૃત્તિ ઉદ્દામ ઉગ્રતાને ધારણ કરતી "ઉચ્છેદક" સ્વરૂપ ધારણ કરી રહી હતી. પ્રાર્થનાસમાજ ઉપરાંત બીજાં જોરદાર પરિબળોએ એની અસરોને મોળી કે નિર્મૂળ કરવાનો પ્રયત્ન કર્યો ન હોત તો આજે સમાજ કઇ દિશામાં હોત તે કલ્પવું પણ મુશ્કેલ છે. એ પરિબળોનો વિચાર કરતાં પૂર્વે સુધારણા-પ્રવૃત્તિ પર ઊડતી નજર નાખી લઇએ.

મહીપતરામ, ભોળાનાથ, નર્મદાશંકર વગેરે અગ્રેસરોનાં નામોનો ઉલ્લેખ આગળ થઇ ગયો જ છે. પરંતુ તેના પુરોગામી આદ્ય પ્રવર્તક કહી શકાય તેવા તો "માનવધર્મસભા"ના સ્થાપક સ્વતંત્ર માનસ ધરાવતા સુરતની સહકારી અંગ્રેજી શાળાના હેડમાસ્તર દુર્ગારામ મંછારામ દવે હતા. તેમની સંસારસુધારાની

---

૧. શ્રી ધીરુભાઇ ઠાકર : "મણિલાલ નભુભાઇ સાહિત્યસાધના" પૃ. ૩૩

ચોટ ત્રણ પ્રશ્નો પર હતી.

(૧) અવતારવાદ એ ભ્રમ છે. મનુષ્યમાં અને મનુષ્યકૃતિમાં ભગવાનની ભાવના કે માન્યતાનું આરોપણ કરવું એ નરી ઘેલછા અને મૂર્ખતા છે. ગુરુપૂજા અને મૂર્તિપૂજા ધર્મવિહિત નથી. એક જ વિશ્વવ્યાપી વિશ્વાત્મા સત્યસનાતન પરમાત્માની નિરાડંબરપૂર્વક ભક્તિ કરવી જોઇએ.

(૨) હિન્દુ વિધવાને તેની વિષમ અસહાય અને કરુણ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે "વિધવા વિવાહ" એ એક જ અમોઘ ઉપાય છે. આથી તેમણે, નર્મદાશંકરે અને માનવધર્મસભાના એક બે સભાસદોએ રોજ જાહેરમાં કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિસમૂહ સમક્ષ વિધવાવિવાહના પ્રશ્ન પરત્વે અમુક સંખ્યાના શબ્દો સુધી પ્રવચન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી ; અને એ પ્રતિજ્ઞાનું પાલન દુર્ગારામે તો એટલી – પ્રહસનીય – હદ સુધી કર્યું હતું કે, એક વખતે નર્મદાના નીરમાં નાવડીમાં બેઠેલી એક માત્ર ડોશીના તરફ તેમણે પુનર્લગ્નના બોધનો ધોધ વહેતો મૂકયો હતો ! અને

(૩) નવોદિત થઇ રહેલા વિજ્ઞાનના જ્ઞાનપ્રકાશની સામે સૂગ ધરી બારણાં બંધ રાખનાર રૂઢિવાદીઓની ભૂત-પ્રેત, દેવ, દેવીઓ પરત્વેની અંધશ્રધ્ધા, વહેમી માન્યતાઓ વગેરેનો શ્રી દુર્ગારામે સૌપ્રથમ કટ્ટર વિરોધ કર્યો હતો અને તેમ કરવા

માટે તેમણે પોતાના જીવનને પણ હોડમાં મૂકી દીધું હતું ![1].....
આવા નિષ્ઠાવાન નીડર પ્રખર સુધારક પણ, પરણવાના પ્રસંગે, પીછેહઠ કરી ગયા. તેઓએ, ત્યારપછી જિન્દગીપર્યંત વિધવાવિવાહનો પ્રચાર તો શું પણ તે પ્રશ્ન પરત્વે કાંઇ પણ નહીં બોલવાની શરતે, જ્ઞાતિની કુંવારી કન્યા સાથે પ્રભુતામાં પગલાં માંડયાં ! – અને મહેતાજી દુર્ગારામે મૃત્યુ પર્યંત એ શરતનું પાલન કર્યું ![2]

---

૧. "સને ૧૮૪૪માં તેમણે "માનવધર્મસભા" સ્થાપી. આ સભાનો ઉદ્દેશ તેના નામ પ્રમાણે મનુષ્યોનો ખરો ધર્મ શું છે તે જાણવાનો તથા સમજાવવાનો હતો. જાતિભેદ તોડવો, વિધવાઓનાં પુનર્લગ્ન કરાવવાં, મૂર્તિપૂજાનો ચાલ બંધ કરવો વગેરે વિષયો પર આ સભામાં વિચારો થતા ને ભાષણો અપાતાં. એ સભા નાણાવટમાં નવલશાના કોઠામાં મળતી. તેમાં હંમેશની બેઠકમાં લગભગ ૨૦–૨૫ માણસો હાજર રહેતા. થોડા મહિના પછી આ વિષયો પડતા મુકી જાદુ વિષે ચર્ચા ચલાવવામાં આવી હતી. આ જાદુની ચર્ચાથી શહેરમાં ભારે ખળભળાટ થયો હતો, અને મહેતાજીનો જીવ જોખમમાં આવ્યો હતો". (શ્રી નવલરામ જ. ત્રિવેદી, "સમાજસુધારાનું રેખાદર્શન", પૃ. ૨૦)

૨. "દુર્ગારામ મહેતાજીએ વિધવાવિવાહનો પ્રશ્ન પ્રથમ ઉઠાવ્યો, પણ છેવટે બીજું લગ્ન કરતાં પહેલાં આ પ્રશ્ન વિષે ચર્ચા ન કરવાનું વચન આપી, તેમણે પોતાના ઉજ્જવળ નામને ઝાંખું કર્યું".

(શ્રી નવલરામ જ. ત્રિવેદી, એજન પૃ. ૭૩)

તે જ સમયે સુધારાના સંગ્રામનો બીજો સેનાની અને સૈનિક શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠ હતા. આ નિશ્ચલ મનના મહારથીએ દુર્ગારામના સુધારાકાર્યને વેગ આપ્યો એટલું જ નહીં પણ તેમણે, તે સમયની પરિસ્થિતિ જોતાં, અપૂર્વ કહી શકાય એવું અજબ સાહસ ખેડયું. જ્ઞાતિજનો અને હજારો સ્વજનો-મિત્રોના વિરોધવંટોળનો પ્રતિકાર કરીને પણ તેમણે વિદેશયાત્રાનું બીડું ઝડપ્યું. ૧૮૬૦માં તેમણે, શાસ્ત્રનિષિધ્ધ, ધર્મનિષિધ્ધ અને લોકનિષિધ્ધ મનાતી (!) સમુદ્રયાત્રાનું સાહસ ખેડયું અને ઇંગ્લાંડ ગયા. જ્ઞાતિ તરફથી થનાર સર્વપ્રકારની સજા સહન કરવાની તેમણે તત્પરતા બતાવી. પરદેશથી પાછા આવ્યા પછી જ્ઞાતિરોષના પ્રચંડ અગ્નિની જવાળાઓ તેમને ભસ્મીભૂત કરી રહી હતી. સ્વ. પિતાની સંવત્સરીનો પ્રસંગ કારમી કસોટીરૂપ નીવડયો. છેવટે જ્ઞાતિના આદેશ મુજબ દેહશુધ્ધિનું પ્રાયશ્ચિત્ત અને દાનકર્મ કરીને તેઓ જ્ઞાતિમાં પુનઃપ્રવેશ પામ્યા ![1] -

---

૧. "મહીપતરામે દેહશુધ્ધિ પ્રાયશ્ચિત્ત કર્યું ને ન્યાતમાં દાખલ થયા. પરંતુ તેમના માથા ઉપર જે વાદળ ફરતું હતું તે વાદળ હજી ખસ્યું ન હતું. તેમની ઉપાધિ ગઇ ન હતી. એક ઉપાધિમાંથી બીજી ઉપાધિમાં જવા પૂરતી જ તે ઉપાધિ આઘી ખસી ગઇ હતી. મહીપતરામ જેવા સુધારાના અગ્રેસર, જ્ઞાતિવિરુધ્ધ, લોકવિરુધ્ધ ને સમુદ્રગમન કરનાર વીરને આગ્રહી પુરુષ પોતાની વીરતા અને પોતાનો આગ્રહ છોડી દઇ આ પ્રમાણે ન્યાતના દંઠાગ્રહને નમે અને વેદમૂર્તિ બ્રાહ્મણોને ગોદાનરૂપી દંડ આપે એ એક પ્રકારનો સુધારકને માથે દોષ આવેલો ગણાય. એણે સુધારાપક્ષને કલંક લગાડયું એમ સુધારાવાળાઓ માનવા લાગ્યા".

(શ્રી ભાનસુખરામ નિ. મહેતા, "મહીપતરામ", પૃ. ૭૦)

આવું હતું તે સમયનું જ્ઞાતિપ્રાબલ્ય, રૂઢિપ્રાબલ્ય, – રાજ્યસત્તાના પ્રાબલ્ય કરતાં પણ વિશેષ !

આવા જ બીજા સુધારાના ઝંડાધારી હતા શ્રી કરસનદાસ મૂળજી. એમની કપોલવણિક જ્ઞાતિએ એમને પણ પરદેશગમનના ગુના બદ્દલ ન્યાતબહાર મૂકેલા અને તેમના પર અસહ્ય ત્રાસ વતાવેલો. પરંતુ આ સુધારકનો મિજાજ નર્મદ જેવો વિશિષ્ટ પ્રકારનો હતો. ૧૮૭૧માં તેમણે માધવદાસ રૂઘનાથદાસ અને ધનકોરબાઇનું સૌથી પ્રથમ પુનર્લગ્ન કરાવ્યું. "ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું, વેણ કાઢયું કે ના લટવું ના લટવું" – એ નર્મદની મંત્રપંક્તિનો પરચો કરસનદાસના જીવનમાં ડગલે ને પગલે થતો હતો.

તેમની તીક્ષ્ણ નજર, સમાજમાં ઘર ઘાલી બેઠેલાં અનેક અનિષ્ટો અને અનર્થોના મૂળ વૈષ્ણવમહારાજોની નબળાઇઓ ઉપર ચોંટી ! ચોંટી તે એવી ચોંટી કે તેને લીધા સિવાય ઉખડે જ નહીં ! છપ્પનભોગ, પ્રસાદ અને એવા બીજા કેટલાક પ્રશ્નોની ચિનગારીમાંથી સુધારક અને વૈષ્ણવ મહારાજ વચ્ચે સંઘર્ષનો અગ્નિ ભભૂકયો. તેમાં મહારાજોના જનસમાજ પર ચાલતા શોષણ–દમનના કોરડા વિરુધ્ધ કરસનદાસે જેહાદ ઉઠાવી. મુંબઇના જીવણલાલ મહારાજ સામે મંડાયેલા દાવામાં કોર્ટમાં હાજર નહીં રહેવા બદ્દલનો હક્ક સાબિત કરવામાં મહારાજ નિષ્ફળ નીવડયા. "ચાબુક" અને "સત્યપ્રકાશ" પત્રોમાં સામસામા ઉગ્ર પ્રહારો થયા. તે જ રીતે સુરતના વિદ્વાન મહારાજ જદુનાથ સાથે કરસનદાસને પ્રસંગ પડ્યો. તેમાં તેમની સાથેના પ્રચંડ સંગ્રામમાં કવિ નર્મદાશંકર જેવા બીજા અગ્રેસરોએ પણ ઝંપલાવ્યું. સામસામા આક્ષેપ કરનારાં લખાણો પ્રસિધ્ધ થયાં. તેમાં "સત્યપ્રકાશ"માં પ્રકટ થયેલા "હિંદુધર્મ" નામના કરસનદાસના લેખે બદનક્ષીના દાવા માટે કારણ આપ્યું ; અને એનું પરિણામ

અતિપ્રસિધ્ધ "મહારાજ લાઇબલ કેસ"માં આવ્યું.

કવિ નર્મદની સુધારા-પ્રવૃત્તિથી આપણે સૌ સારી પેઠે વાકેફ છીએ. તેના જમાનાની અંધશ્રધ્ધા, કૂપમંડૂકતા, અજ્ઞાન, અન્યાય, દંભ, જડતા અને વહેમી વિચારો કે રૂઢિઓને દૂર કરવા તેણે કલમ ઉપાડી, જીભ ચલાવી, પ્રવચનો કર્યાં, લેખો લખ્યા, "ડાંડિયો" જેવાં વર્તમાનપત્રો ચલાવ્યાં, સભાઓ ગજવી, સંસ્થાઓ શરૂ કરી અથવા તેમાં પ્રાણ પૂર્યાં. તેણે ગુજરાત અને ભારતમાતા પ્રત્યે પ્રીતિ જગાવનારાં તથા શબને પણ બેઠું કરી દે એવાં પ્રોત્સાહન રેડનારાં કાવ્યો લખ્યાં.[1] બાળલગ્નની વિરુધ્ધમાં અને વિધવાવિવાહની તરફેણમાં લોકમનને જાગૃત કરવા તેણે અથાગ પરિશ્રમ સેવ્યો. માત્ર બોલીને કે લખીને જ તે — દુર્ગારામની માફક — અટક્યો ન રહયો. પરંતુ એક અસહાય વિધવાને પોતાના ઘરમાં આશ્રય આપવા ઉપરાંત તેણે નર્મદાગૌરી નામની બીજી નિરાધાર વિધવા જોડે (જોકે ખાનગીમાં) લગ્ન (૧૮૬૯) કરવામાં લોકલાજની ભીતિ + ~ ~ ~ ~ +

---

૧. :૧: સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે ;
યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે. (પૃ. ૧૪૮)

:૨: જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત. :પૃ. ૭૩:

:૩: દેખી દારુણ દેશીનાં દુ:ખ, નર્મદ દિલ દાઝે છે. (પૃ. ૬૫)
("નર્મદનું મન્દિર" બીજી આવૃત્તિ પુનર્મુદ્રણ ૧૯૫૯)

સેવી નહીં.[૧] સામાજિક તેમ જ ધાર્મિક ક્ષેત્રમાં પણ તેની તથા તેના સાથીદારોની સુધારણાપ્રવૃત્તિ એટલી બધી તીવ્રતમ અને પ્રણાલિકાભંજક બનતી જતી હતી કે પાશ્ચાત્ય કેળવણીના મોહપાશમાં મુગ્ધ બનેલા તરુણવર્ગમાં કદી કદી વિદ્રોધાવૃત્તિ અથવા મિશ્રલાગણી ઉદય પામતી હતી. ન તો તેમને સુધારકોનો વિચાર-ઓક આશ્વાસન આપી શકતો કે સ્પષ્ટદિશા સૂચવી શકતો ; અને ન તો તેમનામાં અંતર્હિત અવશિષ્ટ રહેલી શ્રધ્ધાવેલને ચુસ્ત સનાતની વર્ગની રીતિનીતિ સીંચી શકતી. આથી વાયુના વમળમાં ઘુમરી લેતા પાંદડાની જેમ તરુણ હૃદયો ઘડીકમાં ઉચ્છેદક ઉદ્દામ અસંયત પ્રવૃત્તિ તરફ ધસડાતાં તો કદી કદી

---

૧. "પછી નર્મદાગૌરી આવે છે. તે પણ વિધવા છે ; પોતાના ન્યાતની છે, દુઃખી છે, લોકોના જુલમનો ભોગ બની છે. તે ન્યાતના જુલ્મગારોથી થાકયો છે. એ હવે નમવાનો નહીં, ડરવાનો નહીં. એ નર્મદાગૌરીને ઘરમાં રાખે છે. ન્યાત ફરી ફફડી ઊઠે છે. ગામ ફીટકાર કરે છે, ગુજરાત આખું તોબા તોબા પોકારે છે. હઝારો સામાજિક નિયમો તોડે છે. એમાંનાં કોઇક જ ગુનો કબૂલ કરવાની હિંમત રાખે છે. એવી હિંમત આ નર્મદમાં હતી. ન્યાત એને ન્યાતબહાર મૂકે છે – એ નર્મદાગૌરીને પત્ની તરીકે સ્વીકારે છે".

(શ્રી કનૈયાલાલ મુનશી, "નર્મદ : અર્વાચીનોમાં આદ્ય", પૃ. ૧૧૧)

નાસ્તિકતાનાં નીર સુધી પહોંચી, – પગ પખાળીને પાછાં વળતાં.[1] વિચારશીલ ઉદારમતવાદી સહિષ્ણુ મનના નર્મદે સમયનાં વહેણ પારખી લીધાં. એ વ્યવહારકુશળ કવિએ તટસ્થપણે આઘાત–પ્રત્યાઘાતોનું તથા તેનાં ભાવિ પરિણામોનું સૂક્ષ્મ અવલોકન કર્યું. આત્મનિરીક્ષણ અને તીવ્ર મનોમંથનને અંતે તેણે – પાણી વહી જાય તે પહેલાં – પાળ બાંધવાનો નિશ્ચય કર્યો. પ્રાર્થનાસમાજ, આર્યસમાજ અને રામકૃષ્ણમિશનની અસરો નીચે તથા પ્રમુખતઃ આત્મમંથનના પરિણામે – "જોસ્સા"નો વેગ શમતાં – તેણે નિખાલસતાથી વિચારપરિવર્તન અનુભવ્યું અને જાહેરમાં તેને પ્રસિધ્ધિ પણ આપી. તેનામાં ધર્મરક્ષણ અને ધર્મશોધનની ભાવના જાગી–પ્રદીપ્ત થઇ. જીવનની ઉત્તરાવસ્થામાં તેણે આર્યપ્રબોધિત સંસ્કારોની સંજીવની છાંટવાનો – નિવૃત્તિમાર્ગના યાત્રી બનવાનો નિર્ધાર કર્યો. વેદોપનિષદ, મહાકાવ્યો, સ્મૃતિશાસ્ત્રો અને સમકાલીન ઇતિહાસનો યથાશકિત અભ્યાસ કરીને તેણે સનાતન ધર્મ પ્રત્યેના પોતાના બદલાતા વિચાર–

---

૧. "અંગ્રેજોના આગમનથી અને એમનાં સાહિત્યસંસ્કૃતિના સમાગમથી આપણે ત્યાં જે નવયુગ શરૂ થયો છે તેને કેટલાંક કેવળ સુખથી ભરપૂર એવા સુવર્ણયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે, તો કેટલાંક વળી દુઃખથી – નિર્ધનતા, પરાધીનતા, નીતિશિથિલતા આદિ અનેક અનર્થોમાંથી પરિણમતાં દુઃખથી – ભરપૂર કલિયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે. પણ ખરી રીતે નથી તે કેવળ સુખપૂર્ણ સુવર્ણયુગ કે નથી તે કેવળ દુઃખપૂર્ણ કલિયુગ. ખરી રીતે તો તે છે કેવળ મન્થનયુગ, વલોવાટની વ્યથાનો તેમ માખણની મીઠાશનો ઉભયનો એકીસાથે અનુભવ કરાવતો એવો ઉગ્ર મન્થનયુગ".

(શ્રી વિશ્વનાથ ભટ્ટ, "વીર નર્મદ" (સાતમી આવૃત્તિ) પૃ. ૩, ૪)